જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

Happy New Year 2025

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી,મુદ્રક,પ્રકાશક,માલિક : અભિજીત કે. ઉપાધ્યાય
Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67
Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૯ અંક : ૧૮ જૂનાગઢ તા.૦૧-૦૧-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 18, Junagadh : Date : 01 January, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# વેલકમ-૨૦૨૫ : વિશ્વભરમાં શાનદાર ઉજવણી સાથે નવા વર્ષનું સ્વાગત




નવી દિલ્હી તા.૦૧

ભારતમાં વર્ષ ૨૦૨૫નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. કડકડતી ઠંડીમાં પણ લોકો ઘરની બહાર નીકળી એકબીજાને અભિનંદન પાઠવતા જોવા મળ્યા હતા. દિલ્હીથી મુંબઈ સુધી દેશના વિવિધ શહેરોમાં ભવ્ય આતશબાજી સાથે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી છે.

ભારત પહેલા ચીન, મલેશિયા, સિંગાપોર, ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં નવા વર્ષની શરૂઆત થઈ ગઈ છે. જાપાનમાં પરંપરા અનુસાર, નવા વર્ષ પર બૌદ્ધ મંદિરોમાં ૧૦૮ વખત ઘંટ વગાડવામાં આવ્યો હતો. રાજધાની ટોકિયોના પ્રખ્યાત સુકીજી મંદિરની બહાર હજારો લોકો એકઠા થયા હતા. દક્ષિણ કોરિયામાં ૨૯ ડિસેમ્બરના રોજ વિમાન દુર્ઘટનામાં ૧૭૯ લોકોના મૃત્યુ પછી, નવા વર્ષની ઉજવણી રદ કરવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયાના સિડની હાર્બરમાં પરંપરાગત ફટાકડા જોવા માટે લગભગ ૧૦ લાખ લોકો એકઠા થયા હતા. તે જ સમયે, નવા વર્ષ પર મેલબોર્નમાં યારા નદીના કિનારે જોરદાર આતશબાજી કરવામાં આવી હતી. ન્યુઝીલેન્ડનું ઓકલેન્ડ પહેલું મોટું શહેર બન્યું, જ્યાં વર્ષ ૨૦૨૫નું સ્વાગત થયું.

વિશ્વના સૌથી પૂર્વ ભાગમાં સ્થિત હોવાને કારણે, ન્યુઝીલેન્ડમાં સૌથી પહેલા નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે. ન્યુઝીલેન્ડમાં નવું વર્ષ ભારતમાં ૭.૫ કલાક પહેલા આવે છે જ્યારે અમેરિકામાં નવું વર્ષ ૯.૫ કલાક પછી આવે છે. આ રીતે સમગ્ર વિશ્વમાં નવા વર્ષની યાત્રા ૧૯ કલાક સુધી ચાલુ રહે છે.

પશ્ચિમ યુરોપના દેશો બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીમાં નવા વર્ષની ઉજવણી થઈ રહી છે. બ્રિટનના અનેક શહેરોમાં વરસાદ બાદ પણ લોકોનો ઉત્સાહ ઓછો થયો નથી. તેમજ, યુદ્ધમાં ઝઝૂમી રહેલા રશિયા અને યુક્રેને પણ નવા વર્ષનું ભવ્ય સ્વાગત કર્યું. વિશ્વમાં સૌથી ઉંચી દુબઈ સ્થિત પ્રખ્યાત ઈમારત બુર્જ ખલીફા પર શાનદાર લેસર શો અને આતશબાજી કરવામાં આવી હતી.

# ૨૩ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન : નવા વર્ષની ભેટ

રાજકોટ, તા. ૧

ગુજરાતમાં નવા વર્ષના પ્રારંભે જ ૨૩ આઈપીએસ અધિકારીઓને સરકારે પ્રમોશનરૂપે ભેટ આપી હોય તેમ ગત મોડી રાત્રે પ્રમોશન ઓર્ડર કરવામાં આવ્યા હતા. ત્યારે ૧૦ એસપીને ડીઆઈજી બનાવીને પોસ્ટ અપગ્રેડ કરવામાં આવી છે.

રાજયના ગૃહવિભાગ દ્વારા મોડી રાત્રે પ્રમોશનના ઓર્ડર કરવામાં આવ્યા હતા. પોલીસ ભરતી બોર્ડના ડિરેકટર જનરલ નિરજા ગોટરૂને ડીજીપી કક્ષાએ પ્રમોશન આપવામાં આવ્યું છે. જયારે ગૃહવિભાગના સચિવ નિપુણા તોરવણેને અગ્રસચિવ સમકક્ષ બઢતી આપવામાં આવી છે.

## નીરજા ગોટરૂને ડીજીપી કક્ષાનું પ્રમોશન : ગત વર્ષ ૨૦૨૪માં ૬૭૭૦ પોલીસ કર્મચારીઓને રાજય સરકારે પ્રમોશન આપ્યું

આ સિવાય સુરત ગ્રામ્ય ડીઆઈજીના એસપી હિતેષ જોઈસર, મહેસાણાના એસપી તરૂણ દુગ્ગલ, સીઆઈડી ક્રાઈમ એસપી ચૈતન્ય માંડલીક, પશ્ચિમ રેલવેના એસપી સરોજકુમારી, એસઆરપી ગ્રુપ-૯ના કમાન્ડન્ટ આર.વી.ચુડાસમા, સુરત ડીસીપી ઝોન-૫ આર.પી.બારોટ, સુરેન્દ્રનગર એસ.પી. જી.એ.પંડયા, મરીન ટાસ્ક ફોર્સ હજીરાના એસપી રાજન સુસરા, વલસાડ એસપી કરણરાજ વાઘેલા, રાજકોટ એસઆરપી ગ્રુપ-૧ના કમાન્ડન્ટ સુધા પાંડે, ઈન્ટલીજન્સ વિભાગના એસપી સુધીર દેસાઈ, અમદાવાદ ઝોન-૧ના ડીસીપી બલરામ મીણા, રાજકોટ સીટી ઝોન-૧ ડીસીપી એસ.વી.પરમાર સહિત ૨૩ને બઢતીના ઓર્ડર કરવામાં આવ્યા છે.

આ પૂર્વે રાજય સરકાર દ્વારા ગઈકાલે સાંજે ૨૪૦ એએસઆઈને પીએસઆઈના પ્રમોશન આપવામાં આવ્યા હતા. પોલીસ વિભાગના કર્મચારી, અધિકારીઓને સંવર્ગવાઈઝ સમયસર બઢતી મળી રહે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ હોવાના દાવા સાથે ૨૪૦ને પીએસઆઈની બઢતી આપવામાં આવી હતી. ખાતાકીય બઢતી પરીક્ષા ઉતીર્ણ થતા તેમના પ્રમોશન ઓર્ડર કરવામાં આવ્યા હતા.

ચાલુ વર્ષમાં કલેરીકલ સ્ટાફથી માંડીને પીએસઆઈ સુધી કુલ ૬૭૭૦ને બઢતી આપવામાં આવી છે. સરકારના કહેવા મુજબ પ્રમોશન મળવાથી કર્મચારીઓ, અધિકારીઓમાં કાર્યક્ષમતામાં વધારો થાય છે.

# વર્ષની પ્રથમ રાહત : કોમર્શિયલ રાંધણગેસ સિલીન્ડરના ભાવમાં રૂા.૧૪.૫૦નો ઘટાડો

નવી દિલ્હી,તા.૧

આજથી નવા કેલેન્ડર વર્ષની શરૂઆતની સાથે જ લોકોને પ્રથમ રાહત મળી હોય તેમ કોમર્શિયલ રાંધણગેસ સીલીન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. સરકારી પેટ્રોલીયમ કંપનીઓએ ૧૯ કિલોના ગેસ સીલીન્ડરનાં ભાવમાં રૂા.૧૪.૫૦ નો ઘટાડો જાહેર કર્યો છે.

દેશમાં ખાસ કરીને ઉતર ભારતનાં રાજયોમાં શિયાળો બરાબર જામ્યો છે અને ઈંધણનો વપરાશ વધી ગયો છે તેવા સમયે સરકારી પેટ્રોલીયમ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સીલીન્ડરમાં ભાવ ઘટાડો કર્યો છે.

ત્યારે ઘરેલું વપરાશના ૧૪ કિલોના સબસીડીયુકત સીલીન્ડરના ભાવમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

નવા વર્ષે જ ભાવ ઘટાડા સાથે પાટનગર દિલ્હીમાં કોમર્સીયલ સીલીન્ડરનો ભાવ હવે રૂા.૧૮૧૪ થયો છે. આ પૂર્વે ગત ડીસેમ્બરમાં ભાવમાં રૂા.૧૬.૫૦ તથા નવેમ્બરમાં રૂા.૬૨ નો વધારો કરવામાં આવ્યો હતો.

છેલ્લા સળંગ પાંચ મહિના કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ હવે છઠ્ઠા મહિને રાહત આપવામાં આવી છે. કોલકતામાં રાંધણગેસ સીલીન્ડરનો ભાવ રૂા.૧૯૧૧, મુંબઈમાં રૂા.૧૭૫૬ તથા ચેન્નાઈમાં ૧૯૬૬ થયો છે પટણામાં ભાવ ૨૦૫૭ છે.

# યુપીના પીલીભીતમાં માર્યા ગયેલા ખાલીસ્તાની આતંકવાદીઓ પાછળ પાકિસ્તાન અને આઈ.એસ.આઈ.નું ષડયંત્ર

પ્રયાગરાજ, તા.૧

ઈન્સ્ટ્રાગ્રામ પર એક યુવકે પ્રયાગરાજમાં યોજાનાર મહાકુંભમાં આતંકી હુમલો કરવાની ધમકી આપી વાંધાજનક ભાષાનો પણ ઉપયોગ કરતાં ભારે હલચલ મચી છે. આ મામલે પોલીસે સઘન તપાસ શરૂ કરી દીધી છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ નસર પઠાનનાં નામે બનેલા ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટમાં એક યુવકની તસ્વીર છે.જેના ખભા પર બેગ ટીંગાડેલી છે.આ એકાઉન્ટમાંથી બપોરે ગઈ કાલે ૩-૧૪ વાગ્યે એક પોસ્ટ કરાઈ હતી. અને તેમાં એક સમુદાયને લઈને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરાયો છે.


આ સાથે કુંભમાં આતંકી હુમલાની પણ ધમકી અપાઈ છે.યુવકે પોતાને ભવાનીપુર પૂર્ણિયા (બિહાર)નો રહેવાસી ગણાવ્યો છે. ઈન્સ્ટાગ્રામના આ યુઝરની માહીતી મેળવાઈ રહી છે. જયારે એએસપીએ જણાવ્યું હતું કે તપાસ શરૂ થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરીમાં શરૂ થનાર મહાકુંભની તડામાર તૈયારી થઈ રહી છે. ત્યારે વધુ કૂંભમેળામાં આતંકી હુમલાની આ વધુ એક ધમકી મળી છે. આ પહેલા પીલીભીતમાં ખાલીસ્તાન જીંદાબાદ ફોર્સનાં ત્રણ આતંકીઓનાં એન્કાઉન્ટર બાદ આતંકી પન્નુએ પણ મહાકુંભને લઈને ધમકી આપી હતી.


WELCOME - 2025
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૮૯૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
+૯૧ ૯૦૯૯૮૯૯૬૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ



નવા વર્ષની સૌને હાર્દિક શુભેચ્છા... adani


વિરાટ
કૉમ્પ્રેસિવ
સ્ટ્રેન્થ
અંબુજા સિમેન્ટ
Now Part of the Adani Groups



મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫



CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

માત્ર 749/- કિંમત ~~2870/-~~

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



WELCOME - 2025
શુધ્ધતાનો સ્વાદ... તંદુરસ્તીનો અહેસાસ...
મીની મિલનું શુધ્ધ પૌષ્ટિક સીંગતેલ
હાલમાં સમગ્ર વિશ્વ જ્યારે કેમીકલયુક્ત ખોરાકને લીધે અનેક રોગોમાં સપડાયેલ છે ત્યારે ખોરાકમાં મગફળીનું શુધ્ધ તેલ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી છે. અમે લાવ્યા છીએ આપના માટે બારેમાસ ભરવા લાયક મિની ઘાણીનું નેચરલ શુધ્ધ સીંગતેલ
તો આજે જ ઘરે મંગાવો પૌષ્ટિક ઘાણીનું ૧૦૦% શુધ્ધ સીંગતેલ
ખોડલ એન્ટરપ્રાઈઝ
ધોરાજી રોડ, ઓક્ટ્રોય નાકા પાસે, જૂનાગઢ.
સંપર્ક : ૯૪૨૬૯ ૧૪૦૪૫



WELCOME - 2025
જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ
આધુનિક સુવિધાઓ સાથે
વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો
: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦
૯૯૧૩૩ ૯૫૨૦૦
The Dream City
: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કું.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ



WELCOME - 2025
Dentistry For Little Ones
પાર્શ્વિ ડેન્ટલ કેર
ડૉ. ભુમિકા ડી. હિરપરા
MDS
Pedodontics & Preventive Dentistry
બાળકોના દાંતના નિષ્ણાંત
દાંત તથા મોઢાને લગતી તમામ સારવાર પુરી પાડતું ચાઈલ્ડ ફ્રેન્ડલી અતિ આધુનિક ડેન્ટલ ક્લિનિક.
બાળકોને ડર ના લાગે તથા રડે નહી તે માટે 'હેપી ગેસ' (Conscious Sedation) દ્વારા પણ સારવાર ઉપલબ્ધ.
જનરલ એનેસ્થેસીયા દ્વારા પણ સારવાર ઉપલબ્ધ
બાળકોના દાંતનું દવાખાનું
૧૦ વર્ષના વિશાળ અનુભવની સાથે બાળકોના દાંતની વિશેષ સારવારો બાળકોને અનુરૂપ વાતારણમાં...
અક્ષર પ્લાઝા-૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ
+91 94290 18328 Parshvi_dental_care

હિરપરા ડેન્ટલ
ઈમ્પ્લાન્ટ | પીડોડોન્ટિક્સ | ઓર્થોડોન્ટિક્સ
ડૉ. દર્પણ આર. હિરપરા
MDS - Master of Dental Surgery
Oral Implantologist, PG Diploma in immediate loading implants
100% Sterlized, Hygienic Clinic
ફક્ત ત્રણ જ દિવસમાં ફિક્સ દાંત
સારવાર પહેલા | ફીક્સ દાંત સારવાર | સારવાર બાદ
- ૧૨ વર્ષથી ડેન્ટલ ઈમ્પ્લાન્ટને લગતી બધીજ સારવાર તથા વિકલ્પ ઉપલબ્ધ કરાવતુ એકમાત્ર ક્લિનિક
- આધુનિક 3D પધ્ધતિ દ્વારા ગાઈડેડ ઈમ્પ્લાન્ટ સર્જરી.
- ૩ દિવસમાં ફિક્સ દાંત, દુઃખાવા રહીત, ટાંકા વગરની ફ્લેપલેશ ઈમ્પ્લાન્ટ સર્જરી
- ડાયાબીટીસ અને કેન્સર પેશન્ટમાં પણ શક્ય છે.
- વાંકાચુકા દાંતની સારવાર માટે બ્રેસિસ અને અલાઈનર દ્વારા સારવાર
- દાંત બચાવવા માટે સિંગલ સીટીંગ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ
- ડહાપણ દાઢ કાઢવાની સર્જરી
- સ્માઈલ ડીઝાઈનીંગ - કોસ્મેટીક ડેન્ટલ ટ્રીટમેન્ટ
invisalign
ઇન્વિઝલાઇન અલાઇનર્સ દ્વારા તમારા વાંકાચુકા દાંતની સમસ્યા હંમેશા માટે દૂર થશે
Invisalign v Braces
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ૬૩
+91 93165 40149
www.hirparadental.in, Email : drdarpan85@gmail.com

# ૨૦૨૫નું વર્ષ આપના માટે કેવું રહેશે

૧-૧-૨૦૨૫ને બુધવારથી ખીસ્તી નવા વર્ષની શરૂઆત થશે. આ વર્ષના ગ્રહો જોતા માર્ચ મહિના સુધી ડોલર સામે રૂપિયો નબળો પડતો જણાશે. જ્યારે ૨૯ માર્ચથી ૧૮ મે સુધી ગોચરમાં મીન રાશીમાં શની રાહુનો શ્રાપિત દોષ થશે. જે સમયગાળા દરમ્યાન રાજકીય અને આર્થિક નિર્ણયો લેવાશે તેનાથી ભારતનું આગલું સારૂ નરસુ ભવિષ્યનું નિર્માણ થઈ શકે છે. ખાસ કરીને ભારત માટે આ સમયગાળો નિર્ણાયક રહેશે. મોંઘવારી અને ફુગાવામાં વધારો થતો રહેશે. મે મહિના પછી તેના પર કાબુ આવી શકે છે.

**રાશી પ્રમાણે ૨૦૨૫નું વર્ષ કેવું રહેશે**

**મેષ રાશી(અ.લ.ઈ.) :** મે મહિના સુધીનો સમય વધારે કસોટી કારક ત્યારબાદ થોડી રાહત રહે. ૨૯ માર્ચથી લોઢાના પાયે સાડા સાતી શરૂ થશે. ખોટી દોડધામ મહેનત કરાવે. શાંતી રાખવી, શેરસટ્ટાથી દુર રહેવું. હનુમાનજી શનીદેવની ઉપાસના કરવી.

**વૃષભ રાશી(બ.વ.ઉ.) :** જે તમે યોગ્ય દિશા તરફ મહેનત કરશો તો આ વર્ષ પ્રગતી કારક રહેવાનું છે. ભાગ્યોદય થાય જો જન્મકુંડળી બળવાન હશે તો આ વર્ષે લાભ મળવાની શકયતા ખરી નોકરીમાં પ્રગતી થાય. કુળદેવીની ઉપાસના લાભ આપે.

**મિથુન રાશી(ક.છ.ઘ) :** મિથુન રાશીના જાતો માટે પણ આ વર્ષ પ્રગતી કારક રહેવાનું છે. જોકે કોઈ ખોટા પ્રલોભનમાં આવવું નહી બચતનું જોર વધારે રાખવું. ભવિષ્યમાં લાભ આપશે. શ્રી કૃષ્ણ ભગવાનની પુજા ઉપાસના લાભ કારક બની શકે છે.

**કર્ક રાશી(ડ.હ.) :** કર્ક રાશીના જાતકોને આઠમાં સ્થાનેથી રાહુ પસાર થશે. વાહન ધીમે ચલાવું, વારસાગત બીમારીથી સાવચેત રહેવું, ગળા તથા આખની બીમારીથી સાવચેત રહેવું, અચાનક ખર્ચા આવી શકે છે, પ્રગતી મંદ ગતીએ થાય, વારસાગત વાદ વિવાદથી દુર રહેવું, જોકે નોકરીમાં બદલી સાથે પ્રગતી થઈ શકે છે તેમાં જન્મના ગ્રહો બળવાન હોવા જરૂરી છે. મહાદેવજીની પૂજા ઉપાસના લાભકારક રહેશે.

**સિંહ રાશી(મ.ટ.) :** સિંહ રાશીના જાતકોને શનિની નાની પનોતી ૨૯ માર્ચથી શરૂ થશે જે લોઢાના પાયે છે આથી ૨૯ માર્ચ બાદ વ્યાપાર ધંધા નોકરીમાં સાવચેતી પૂર્વક નિર્ણય લેવા નાણાં ઉછીના આપવા નહી. ખર્ચમાં વધારો થશે. જયારે જમીન-મકાનના પ્રશ્નો ઉકેલાઈ શકે છે. થોડી માનશીક અશાંતી જરૂર રહેશે પરંતુ એકન્દરે આ વર્ષ મધ્યમ રહેશે. સૂર્યને અર્ધ ખાસ આપવું ઈષ્ટદેવની ઉપાસના કરવી.

**કન્યા રાશી(પ.ઠ.ણ.) :** કન્યા રાશીના જાતકોને આ વર્ષે પ્રગતીકારક અને ભાગ્યોદય કારક રહેશે. જો તમે યોગ્ય દિશામાં મહેનત કરશો તો આ વર્ષ નોકરીમાં પ્રગતી નક્કી છે અને વ્યાપારમાં પણ પ્રગતી નક્કી છે. ગુસ્સા ઉપર કાબુ રાખવો જરૂરી બનશે. જાહેર જીવનમાં ધ્યાન રાખીને બોલવું. દાંમ્પત્ય જીવનમાંફ મીઠાશ રાખવી જરૂરી બનશે. રાધા કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી. વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ કરવા ફળદાઈ રહેશે.

**તુલા રાશી(ર.ત.) :** શેરસટ્ટાથી દુર રહેવું. ખોટા મિત્રોથી દુર રહેવું જરૂરી બનશે. ધાર્મિક અને આધ્યમિક પ્રગતી થશે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં ખાસ ધ્યાન રાખવું. નોકરી ધંધા માટે આ વર્ષ મધ્યમ છતાં પ્રગતી કારક રહશે. બચતનુંપ પ્રમાણ વધવાની શકયતા ખરી. લક્ષ્મીજી તથા વિષ્ણુ ભગવાનની ઉપાસના કરવી. શ્રી સુકતના પાઠ કરવા.

**વૃશ્ચિક રાશી(ન.ય.) :** વૃશ્ચિક રાશીના જાતકોને નાની પનોતી સોનાના પાયે છે તેમાંથી રાહત મળશે. જામીન-મકાનના પ્રશ્નો હોય તો તે ઉકેલાય શકે છે. જમીન-મકાન લેવા બાબતે મે મહિના સુધીનો સમય વધારે યોગ્ય છે. ત્યારબાદ સાવચેતી રાખવી. બચતમાં ધારો થઈ શકે છે. નોકરીમાં પ્રમોશનના યોગ ખરા, વ્યાપાર બાબતે આ વર્ષ મધ્યમ રહેશે છતાં નવો વ્યાપાર કરવો હોય તો જન્મના ગ્રહો જોઈ અને નવા વ્યાપારની શરૂઆત થઈ શકે છે. ગણપતી દાદાની પુજા ઉપાસના ફળદાઈ રહેશે.

**ધન રાશી(ભ.ફ.ધ.) :** ધન રાશીના જાતકોને આ વર્ષ સામાન્ય રહેશે. ૨૯ માર્ચથી શનીની નાની પનોતી લઢાના પાયે શરૂ થશે. ખર્ચા ઉપર કાબુ રાખવો જરૂરી બનશે. વ્યાપાર ધંધા નોકરીમાં ખાસ સમય ફાળવો જરૂરી બનશે. આ વર્ષે કોઈ બીજા ઉપર આધાર રાખવો નહી પોતાનું કામ પોતે જ કરવું તેવો આગ્રહ રાખવો. યોગ્ય જગ્યાએ જ મહેનત કરવી જરૂરી બનશે. વાહન ધીમે ચલાવું. ૧૮ મેથી ચોથે રાહુમાંથી રાહત મળશે. શનીદેવ તથા મહાદેવજીની પુજા ઉપાસના કરવી.

**મકર રાશી(બ.જ.) :** મકર રાશીના જાતકોને આ વર્ષ ૨૯ માર્ચથી શનીની મટી પનોતીમાંથી રાહત મળશે. આ વર્ષે આપના માટે મધ્યમ રહેશે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો આ વર્ષે પ્રગતી સારી થશે. આ વર્ષ ભાગ્યોદય કારક રહેશે. ધર્મ કાર્ય, પૂજાપાઠ લાભદાઈ રહેશે. વ્યાપાર નોકરીમાં પ્રગતી થાય આપની ઈચ્છા પરીપુર્ણ થઈ શકે છે. હનુમાનજીની ઉપાસના લાભદાઈ રહે.

**કુંભ રાશી(ગ.શ.સ.) :** કુંભ રાશીના જાતકોએ આ વર્ષે આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બનશે. જોકે ૨૯ માર્ચથી શનીની મોટી પનોતીનો છેલ્લો તબક્કો રૂપાના પાયે લક્ષ્મી દાયક છે. આ વર્ષે આધ્યામીક શની ધર્મમાં ધ્યાન આપવાથી જીવનમાં શાંતી મળશે. નોકરી વ્યાપાર બાબતે પણ આપના સાથી કર્મચારી જોડે સારૂ વર્તન રાખવું. વ્યાપારમાં પણ આપની નીચે કામ કરતા લોકોને સહકાર આપવો. હનુમાનજી તથા શનીદેવની ઉપાસના લાભ કારક રહેશે.

**મીન રાશી(દ.ચ.ઝ.થ.) :** મીન રાશીના જાતકોને આ વર્ષે મિશ્ર ફળ આપશે. ખાસ કરીને વર્ષના મધ્યથી બારમે પસાર થતો રાહુ માનસીક ટેન્સન આપી શકે છે. ખોટું રોકાણ કરવું નહી. છુપા શત્રુથી દુર રહેવું જરૂરી બનશે. ખર્ચા ઉપર કાબુ રાખવો, કોર્ટ કજીયાથી દુર રહેવું, નોકરી વ્યાપાર બાબતે પણ એકદમ વિચારી અને નિર્ણયો લેવા જરૂરી બનશે. ગુરૂ મંત્રના જપ કરવા, મૃત્યુંજય મંત્રના જપ કરવા પણ લાભાકરક રહી શકે છે.

ખાસ કરીને એકેન્દરે આ વર્ષ ભારત દેશ માટે નિર્ણાયક રહેશે. તેમાં આ વર્ષે બજેટમાં જે નિર્ણયો લેવાશે તેની આગામી વર્ષોમાં ઘણી અસર રહેશે.

**- શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

## બ્રેનડેડ શીલાબેન ચાચડીયાએ ૭ લોકોને નવજીવન આપ્યું :૩ ગ્રીન કોરીડોર સાથે હૃદય સહીતનાં અંગોનું કરાયું દાન







જૂનાગઢ તા. ૧

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ પર રહેતા શીલાબેન ચાચડીયાને પેરેલીસીસનો એટેક આવ્યા બાદ તબીબોએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા હતાં. અને આ તકે તબીબોએ તેઓનાં અંગોનું દાન થઈ શકે છે તેવું શીલાબેનનાં પરીવારજનોને જણાવ્યું હતું. શીલાબેનનાં પરીવારજનોએ સહમત થઈ અને તેમનાં અંગોને ડોનેટ કરવાનો નિર્ણય લેતા ૩ ગ્રીન કોરીડોર સાથે શીલાબેનાં હૃદય સહીતનાં અંગોનું દાન થયું હતું. અને ૭ લોકોનાં જીવનદાતા શીલાબેન બન્યા છે ત્યારે તેમનાં પરીવારે જે સરાહનીય પગલું લીધું છે તેને આવકારવામાં આવી રહેલ છે. આ સાથે જ ૭ લોકોનાં જીવનદાતા બનેલા શીલાબેનને ભારપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે.

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ પર રહેતા ૪૩ વર્ષીય શીલાબેન ચાચડીયાએ પોતાની જિંદગીના અંતિમ દિવસોમાં ૭ નવી જિંદગીને પોતાના શરીરના અંગો ડોનેટ કર્યા છે. ઝાંઝરડા રોડ પર પોતાના પરિવાર સાથે રહેતા શીલાબેન ચાંચડીયા ને બે દિવસ પહેલા ચક્કર આવ્યા હતા. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેની સારવાર દરમિયાન ડોક્ટરોએ તેમને બ્રેઈન ડેથ જાહેર કર્યા હતા. અને ત્યારબાદ ડોક્ટરો દ્વારા તેના પરિવારને આ બાબતે જાણ કરી હતી કે મહિલાના મગજ પર એટેક આવ્યો છે પરંતુ તેમના અન્ય અંગો શરૂ છે જો તે તેમના અંગોને ડોનેટ કરે તો અન્ય લોકોને જિંદગી મળી શકે તેમ છે. ત્યારે પરિવારે સહમતી આપતા આજે ગ્રીન કોરિડોર મારફત શીલાબેન ચાંચડીયાના હૃદય લીવર ફેફસાને કેશોદ થી ફ્લાઈટ મારફત અમદાવાદ લઈ જવામા આવ્યા છે.

આ ગ્રીન કોરિડોર ને લઈ ઝાંઝરડા રોડ થી કેશોદ સુધી પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી મહિલાના અંગો સમયસર કેશોદ એરપોર્ટ સુધી પહોંચે તેની તમામ તૈયારીઓ અગાઉથી જ કરી રાખી હતી. શીલાબેન ચાચડીયાની જિંદગીના અંતિમ દિવસોમાં તેના પરિવાર એ મહિલાના અંગો અન્ય લોકોને ડોનેટ કરી સાત લોકોને નવી જિંદગી આપવાનું સરાહનીય કાર્ય કર્યું છે. આ તકે પરિવારે જણાવ્યું હતું કે અમે અમારા પરિવારનું સભ્યો ગુમાવવાનું ઘણું જ દુઃખ છે. પરંતુ ૭ લોકોને નવી જિંદગી મળશે તેનું પણ અમને ગર્વ છે.

ઓર્ગન ડોનેટ કરનાર મહિલાના પતિ ઉમેશભાઈ ચાચડીયા એ જણાવ્યું હતું કે મારા પત્ની શીલાબેન ચાચડીયાને પેરેલીસીસનો હુમલો આવ્યો હતો. ત્યારે હુમલો આવ્યા બાદ મારી પત્નીના અંગો ચાલુ હોવાની ડો.આકાશ પટોડીયા એ મને જાણ કરી હતી. જેથી તેમના અંગોને ડોનેટ કરવા માટેની મને માહિતી આપી હતી. ત્યારબાદ મેં મારા પરિવારને આ બાબતની જાણ કરી હતી. મારો પરિવાર મારી પત્નીના અંગો ડોનેટ કરવા સહમત થયો હતો. અને આજે અમારા પરિવારે અને મેં મારા પત્નીના અંગો ડોનેટ કર્યા છે. ત્યારે આજે મેં મારી પત્ની નથી ગુમાવી પરંતુ મારા પત્નીના અંગો જે ૭ લોકોને ડોનેટ કર્યા છે તેને નવી જિંદગી મળી છે.

રિબર્થ હોસ્પિટલના ડો. આકાશ પટોડીયા એ જણાવ્યું હતું કે અમારી હોસ્પિટલમાં ૪૩ વર્ષીય શીલાબેન ચાચડીયા નામના મહિલા દર્દીને પોતાના ઘરે ચક્કર આવતા તેને સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયારે તેમને સારવાર માટે હોસ્પિટલ લાવવામાં આવ્યા ત્યારે તેની તબિયત ખૂબ જ ગંભીર હતી. જેના કારણે તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. સારવાર શરૂ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે આ મહિલાને મગજની પાછળના ભાગે પેલીસીસ નો એટેક આવ્યો છે. અને ત્યારબાદ મહિલાની તબિયત વધુ ખરાબ થતા બ્રેઈન ડેથ થયા હતા. આ સમયે મહિલાનું હૃદય ચાતલું હતું, ફેફસા થી શ્વાસ લઈ શકતા હતા પરંતુ મગજ બંધ થઈ ગયું હતું આ બાબતની જાણ તેમના પરિવારને કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે આ સમયે અન્ય લોકોને જિંદગી આપવા મહિલાના અંગોને ડોનેટ કરી શકાય છે. ત્યારે શીલાબેન ચાચડીયાના ભાઈને અગાઉ તેમની માતાએ કિડની ડોનેટ કરી હતી જેથી આ સમગ્ર મામલે તેમને ખ્યાલ હતો. જેથી શીલાબેન ના અંગોનું દાન કરવા પરિવાર સહમત થયો હતો. પરિવાર દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે અમે કદાચ અમારા પરિવારના સભ્યોને ન બચાવી શકીએ પરંતુ તેના અંગો ડોનેટ કરી અન્ય લોકોની જિંદગી બચાવી શકીએ છીએ તેમ જણાવ્યું હતું.

## સોમનાથ દર્શને આવેલ દોઢ વર્ષની બાળકીને તત્કાલ સારવાર પુરી પડાઈ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનાં મંદિરે લાખોની સંખ્યામાં ભાવિકો આવે છે ત્યારે તેમને સારવાર માટે તંત્ર દ્વારા તૈયારીઓ કરાય છે.

સોમનાથ મંદિરે મહારાષ્ટ્રથી આવેલા દર્શનાર્થી જેમના દોઢ વર્ષની નાની દીકરીને તાણની આંચકી ઉપડી જતા મેન ગેટની ફરજ પરના મહિલા પોલીસ કોન્સ્ટેબલ ભાવનાબેન તથા રજનીબેન અને જીઆરડી ભાવનાબેન જેઓએ તેઓને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં કોલ કરી તેઓને પ્રભાસ પાટણના પીએસસી સેન્ટર મોકલી આપેલ હતા અને સારવાર મળતા તેઓને તાત્કાલિક સારૂ થઈ ગયું હતું અને તેઓ ફરી મંદિર ઉપર આવી દર્શન કરી અને પોલીસની સરાહનીય કામગીરીને બિરદાવી હતી.

## તેરા તુજકો અર્પણ અભિગમ અંતર્ગત ગુમ થયેલ પડી ગયેલ કે ખોવાઇ ગયેલ બેગ તથા જરૂરી ડોક્યુમેન્ટ શોધી કાઢી મુળ માલીકોને પરત અપાવતી વેરાવળ સીટી પો.સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧

ગુજરાત રાજયના ડી.જી.પી.ના ''તેરા તુજકો અર્પણ''અભિગમ અંતર્ગત જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાંજડીયા તથા ગીર-સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગાર વેરાવળ વિભાગ વેરાવળ તથા પોલીસ ઈન્સપેકટર એચ.આર. ગોસ્વામી વેરાવળ સીટી પોલીસ સ્ટેશનનાઓ તરફથી હાલના સમયમાં જાહેર જનતાના કિંમતી સામાન કે ડોકયુમેન્ટ ગુમ થવાના કે પડી જવાના અથવા ખોવાઈ જવાના બનાવો વધુ પ્રમાણમાં બનતા હોય જે અન્વયે જરૂરી કાર્યવાહી કરી અરજદારોને તેમના કિંમતી સામાન કે ડોકયુમેન્ટ શોધી કાઢી પરત અપાવવા બાબતે સુચના થઈ આવેલ જે અન્વયે, વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આ કામના અરજદાર દર્શીલભાઈ નરેશભાઈ નાયક રહે-વેજલપુર મકરબા રોડ અમદાવાદ વાળાની ગઈ તા.૨૮-૧૨-૨૪ના રોજ રાત્રીના સાડા-નવેક વાગ્યે અમદાવાદ મુકામે જવા માટે સોમનાથથી વેરાવળ રેલ્વે સ્ટેશન ઓટોરીક્ષા મારફત આવતા હોય તે દરમ્યાન પોતાની બેગ જે બેગમા ક્રીકેટની કીટનો સામાન તથા પાસપોર્ટ સહિતના જરૂરી દસ્તાવેજો રાખેલ જે બેગ રીક્ષામા ભુલી ગયેલ જે અરજદાર અમદાવાદ પહોચી ગયેલ ત્યાર બાદ જે બેગ લેવા માટે તા.૩૦-૧૨-૨૦૨૪ના રોજ વેરાવળ પરત આવી વેરાવળ સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી જે કિંમતી સામાન ભરેલ બેગ ભુલી જવાના બનાવ બનેલ હકીકત જણાવતા હોય જેથી વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ ઈન્સ. આર.આર. રાયજાદાની સુચનાથી સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફ પો.કોન્સ. રોહીતભાઈ જગમાલભાઈ ઝાલા તથા પો.કોન્સ. નદીમભાઈ શેરમહમદભાઈ બ્લોચનાઓએ અંગત રસ લઈ હ્યુમન સોર્સીસ તથા આધુનિક ટેકનોલોજી તથા નેત્રમનો ઉપયોગ કરી તાત્કાલીક તપાસ તજવીજ કરી અરજદારની ખોવાઈ ગયેલી બેગ તથા જરૂરી ડોક્યુમેન્ટ મુળ સ્થતિમા સોંપી આપી તેરા તુજકો અર્પણ કાર્યક્રમને સાર્થક કરેલ છે. જે અન્વયે અરજદારે વેરાવળ સીટી પોલીસનો આભાર માનેલ અને પોલીસની પ્રજાલક્ષી કામગીરીની પ્રસંશા કરેલ હતી.

## યાત્રાધામ દ્વારકામાં ૨૦૨૪નો અંતિમ સુર્યાસ્ત જોવા સનસેટ પોઈન્ટ ખાતે યાત્રિકો ઉમટ્યા





(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧ : યાત્રાધામ દ્વારકામાં ૩૧મી ડીસેમ્બર ૨૦૨૪ની સાલનો અંતિમ સુર્યાસ્ત દ્વારકાના ભડકેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ સનસેટ પોઈન્ટ ખાતે યાત્રીકો સુર્યાસ્ત જોવા ઉમટી પડ્યા હતા. ૨૦૨૪ની સાલને બાઈ બાઈ કહી ૨૦૨૫મી સાલને આવકાર્યું હતું. દ્વારકામાં મોટી સંખ્યામાં યાત્રિકો ઉમટી પડ્યા હતા.

## ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર - રાજકોટના સંયુકત ઉપક્રમે પાંચમી રાજ્ય કક્ષા ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધા - ૨૦૨૪ પાટણવાવ મુકામે યોજાયેલ હતી. જેમાં પી.ડી. શાહ અને એલ.પી. શાહ હાઈ. દિવરાણાની બહેનો જુનિયર વિભાગમાં ગરચર કિંજલ- છઠ્ઠો અને મોકારિયા પૂનમ - ૭મો નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં ભાગ લેનાર તમામ બહેનો તથા તેના માર્ગદર્શક શિક્ષકો શૈલેષભાઈ મોકરીયા, કેવલભાઈ રાવલ, બીનાબેન પરમાર, વિપુલભાઈ મુસાર, આર્યન પાઠક, ધર્મિષ્ઠા ગામી તથા પરાસર પંડ્યાને શાળાના ટ્રસ્ટી ચેતનભાઈ પંડ્યા તેમજ આચાર્ય મિલિન્દભાઈ કોટડિયા તથા સુપરવાઈઝર સંદીપભાઈ કોડીયાતર તરફથી ખુબ ખુબ અભિનંદન તેમજ નેશનલમાં પણ નંબર પ્રાપ્ત કરે તેવી બંને બહેનો તથા તેની સમગ્ર ટીમને શુભકામના પાઠવવામાં આવી હતી.

## ખંભાળિયા કલા મહાકુંભ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ વિદ્યાર્થીઓ






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ અંતર્ગત ખંભાળિયાના તાલુકા કક્ષાનો કલા મહાકુંભ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં ખંભાળિયાની જાણીતી સેન્ટ ઝેવિયર્સ અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. તેમાં ભરતનાટ્યમ કૃતિમાં હેત્વીબા રવિન્દ્રસિંહ જાડેજાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો હતો. આ સાથે લોકગીત કૃતિમાં ધન્વી ભાર્ગવભાઈ ભટ્ટએ પ્રથમ સ્થાન અને હાર્મોનિયમમાં માધવ મનીષભાઈ વ્યાસએ બીજું સ્થાન પ્રાપ્ત કરી, સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. જેમને સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રથમ સ્થાન મેળવનાર બંને વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાએ પોતાની કૃતિ રજૂ કરશે.

### અવસાન નોંધ

જૂનાગઢ : રંગપુર નિવાસી મહિયા રાજપુત અગ્રણી નિવૃત્ત વન અધિકારી પ્રવિણસિંહ એસ. બાબરીયા(ઉ.વ.૭૩)નું તા.૩૧-૧૨-૨૦૨૪ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે. તેઓ જાણીતા ક્રિકેટર ગૌતમભાઈ તથા આશુતોષભાઈના પિતાશ્રી તથા શ્યામભાઈ અને કૃષ્ણભાઈ તથા હરદેવભાઈના દાદા થાય છે. સદગતનું બેસણું સદગતના નિવાસસ્થાન રંગપુર, કેશોદ ખાતે તા.૨-૧-૨૦૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬

## જૂનાગઢ જીલ્લામાં ૩ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ તાલુકાના ઝાંઝરડા ગામ, વધાવી અને માંગરોળના માનખેત્રામાં ૩ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે રાજેશભાઈ થોભણભાઈ તળાવીયાએ જાહેર કરેલ કે મૃતક દેવરાજભાઈ ભુરાભાઈ કનેરીયા (ઉ.વ.૭૦) છેલ્લા છએક મહિનાથી માનસીક બિમાર હોય અને શ્વાસની બિમારી હોય જેનાથી કંટાળી ઝાંઝરડા ગામે આવેલ શ્રીનાથજી પાર્કમાં સ્થિત વૃંદાવન એપાર્ટમેન્ટ બી વીંગ પાર્કિંગ પાછળ દિવાલ પાસે પોતાની રીતે જવલનશીલ પદાર્થ છાંટી સળગી દાઝી જવાથી મૃત્યુ નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

જયારે વધાવી ગામે રહેતા રેણુક રસીકભાઈ કાટેલા (ઉ.વ.૨૩)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું રસીકભાઈ ભીખાભાઈ કાટેલાએ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. તેમજ માનખેત્રા ગામે રહેતા બાબુભાઈ માધાભાઈ ગોહેલ(ઉ.વ.૫૦)ને છેલ્લા પાંચેક વર્ષથી કેન્સરની બીમારી હોય જેનો દુઃખાવો સહન ન કરી શકતા પોતાના ઘર પંખા સાથે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સંજયભાઈ માધાભાઈ ગોહેલે માંગરોળ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

### જૂનાગઢ જીલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા 'પ્રેરણા પ્રવાસ'

# ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવા આગવો અભિગમ

# પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની ખેડૂતોને કરાવવાતી મુલાકાત

### 'પ્રેરણા પ્રવાસ' દરમ્યાન પ્રાકૃતિક ખેતીની પ્રત્યક્ષ જાણકારી આપવાની સાથે કૃષિના ક્ષેત્રના આધુનિક જ્ઞાનથી ધરતી પુત્રોને





જૂનાગઢ, તા.૧

જન આરોગ્ય, પર્યાવરણ અને પ્રકૃતિ માટે હિતકારી પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવા માટે એક આગવા અભિગમ સાથે જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોના પ્રેરણા પ્રવાસ યોજવામાં આવી રહ્યા છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સહયોગ અને આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા આયોજિત 'પ્રેરણા પ્રવાસ' દરમિયાન ખેડૂતોને ખાસ કરીને પ્રાકૃતિક ખેતીમાં જેમણે સફળતા હાંસલ કરી છે અને તેના મીઠા ફળ પણ પ્રાપ્ત કર્યા છે તેવા ખેડૂતોના મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવે છે. જેથી ખેડૂતો પ્રાકૃતિક ખેતીની પ્રત્યક્ષ જાણકારી મેળવવાની સાથે તેના પ્રશ્નોનું સમાધાન પણ મેળવે છે. આ પ્રવાસ દરમ્યાન ખેડૂતો ખેતી ક્ષેત્રના નવીન પ્રયોગો અને ખેતીના અનુભવોની પરસ્પર આપ- લે પણ કરે છે. જૂનાગઢ જિલ્લામાં હાલ સુધીમાં ૧ દિવસીય ૩૮ જેટલા પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યા છે, જ્યારે જિલ્લા બહાર એટલે કે ગુજરાત રાજયમાં ૩ જેટલા પ્રવાસ ખેડૂતોને કરાવવામાં આવ્યા છે. આ પ્રવાસ ત્રણથી ચાર દિવસનો રહેતો હોય છે. ખેડૂતોના આ પ્રવાસનો તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવે છે. પ્રેરણા પ્રવાસ દરમિયાન ખેડૂતોને કૃષિ યુનિવર્સિટી, સંશોધન કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કે ખેડૂતોને કૃષિ ક્ષેત્રનું આધુનિક જ્ઞાન મળી રહે તેવી સંસ્થાઓની પણ મુલાકાત કરાવવામાં આવે છે. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાનના માર્ગદર્શનમાં આત્મા પ્રોજેક્ટ જૂનાગઢના ડાયરેક્ટર શ્રી દિપક રાઠોડ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર સંદીપ પરમાર અને જિલ્લાની આત્મા પ્રોજેક્ટની સમગ્ર ટીમ પ્રેરણા પ્રવાસ યોજવા અને જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે સતત જહેમત ઉઠાવી રહી છે.

# ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી ભુવનેશ્વર મુકામે યોગાસન આર્ટિસ્ટિક ઇન્ડિવીઝુલમાં વાજા શાહનવાઝે મેળવ્યો ગોલ્ડ મેડલ

### ભારતીય ફિલસૂફીમાં વૈદિક તત્વજ્ઞાનના છ પરંપરાગત દર્શન પૈકી એક દર્શનનું નામ યોગ છે : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ



જૂનાગઢ, તા.૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીજૂનાગઢની ઓલ ઈન્ડીયા લેવલે યોગાસન સ્પર્ધા KIIT યુનિવર્સિટી ભુવનેશ્વર ખાતે યોજાયેલ, જેમાં વિવિધ વિભાગોમાં સ્પર્ધ તરીકે ભાગ લઈ વંથલી સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થી વાજા શાહનવાજ દાઉદભાઈએ ભક્તકવિ નરસીંહ મહેતા યુનિવર્સીટી વતી ભાગ લઈ સુવર્ણ ચંદ્રક હાંસલ કર્યો છે.

જૂનાગઢ જિલ્લાનાં વંથલી ગામે શ્રમજીવી પરિવારમાં ઉછરેલ વાઝા શાનવાઝે ઓલ ઈન્ડિયા રમવા ગયેલ આ ટિમ માંથી યોગાસન આર્ટિસ્ટિક ઈન્ડિવીઝુલમાં ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ભુવનેશ્વર મુકામે ગોલ્ડ મેડલ મેળવીને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનું નામ ગુંજતું કર્યુ છે, જે બદલ યુનિવર્સિટી પરિવાર વતી કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ શુભકામનાં પાઠવતા જણાવ્યું હતું કે, યોગ એ પ્રાચીન ભારતીય પરપરા દ્વારા મળેલી એક અમૂલ્ય ભેટ છે. તેમાં મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા વચ્ચે રહેલી એકતા; મનુષ્ય અને પ્રકૃતિ મધ્યેની સંવાદિતાનું મૂળરૂપ છે, યોગ આરોગ્ય અને કલ્યાણનો સમગ્ર દષ્ટિકોણ છે. યોગ એ કસરત નહીં પરંતુ આપણામાં, વિશ્વમાં તથા પ્રકૃતિમાં રહેલી એકરૂપતાની શોધ છે. આ વાત વંથલી સરકારી કોલેજમાં અભ્યાસ કરતા છાત્ર શાહનવાજે યોગાસન થકી ભારતીય સંસ્કાર અને સંકસ્કૃતિને આત્મસાત કરી છે. ભારતીય ફિલસૂફીમાં વૈદિક તત્વજ્ઞાનના છ પરંપરાગત દર્શન પૈકી એક દર્શનનું નામ યોગ છે,

યુનિ.નાં ફીજીકલ એજ્યુકેશન સેલનાં કો-ઓર્ડીનેટર પ્રો.(ડો.) જયસિંહ ઝાલા, ઈન્ચાર્જ સ્પોર્ટસ ડાયરેક્ટર સલીમભાઈ સીડા, યુનિ. રજીસ્ટ્રાર ડો. દિલસુખ સુખડીયાએ શાહનવાઝ વાઝાને ગોલ્ડમેડલ મેળવવા બદલ શુભકામનાં વ્યક્ત કરી જણાવ્યુ હતુ કેયોગ દર્શન પ્રણાલીનો સાંખ્ય દર્શન સાથે નજીકનો સંબંધ છે. કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગયોગ અભ્યાસમાં સાંખ્ય મનોવિજ્ઞાન અને તત્વમીમાંસા આજે સ્વિકૃત બની છે.

# ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા : યાત્રાળુઓના તા.પમી જાન્યુઆરીએ ગિરનાર પગથિયા ઉપર અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ

### ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોની ખલેલ નિવારવા માટે જાહેરનામું પ્રસિદ્ધ

જૂનાગઢ, તા.૧

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા તા.પમી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજાનાર છે, ત્યારે આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને ખલેલ નિવારવા માટે ગિરનાર પગથિયા ઉપર યાત્રાળુઓની અવર જવર ઉપર જાહેરનામું પ્રસિદ્ધ કરીને પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ જાહેરનામા મુજબ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેનાર યુવક-યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની શક્યતાઓ રહેલી હોય, જેને ધ્યાને રાખી ગિરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દૂર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવા હેતુ માટે આ સ્પર્ધા દરમ્યાન ગિરનાર તળેટીથી અંબાજી તરફ જતા ગિરનાર પર્વતની સીડીના પગથિયાં ઉપર અવર- જવર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામું તા.૫-૧-૨૦૨૫ના રાત્રિના ૧૨ કલાકથી બપોરના ૧૨ કલાક સુધી અમલી રહેશે. આ જાહેરનામું સ્પર્ધામાં અધિકૃત અધિકારીઓ, સ્વયં સેવકો સ્પર્ધા વ્યવસ્થામાં કાયદેસરની ફરજ બજાવનારને લાગુ પડશે નહીં.

# આઝાદી કી પહેરેદારી, નયે ખૂન કી જિમ્મેદારી જનજાગૃતિ અભિયાન અંતર્ગત ગ્રંથ લોકાર્પણ સમારોહ યોજાયો

### લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની ધિંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવનાર રાષ્ટ્રશાયર મેઘાણીજી જન્મજયંતી અવસરે સંપાદીત ગ્રંથો થશે લોકોપયોગી- પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ





જૂનાગઢ, તા.૧

રાષ્ટ્ર શાયર ઝવેરચંદ મેઘાણીની સવાસોદ્ધક્ષ જયંતિ અને આઝાદીના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યે સંપાદિત ગ્રંથોના લોકાર્પણ સમારોહ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ અને જનજાગૃતિ અભિયાન વડોદરાના સંયુક્ત ઉપક્રમે તેમજ રૂપાયતન ટ્રસ્ટના સહયોગથી ભવનાથ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

ગ્રંથ લોકાર્પણ સમારોહના અધ્યક્ષ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.( ડો)ચેતન ત્રિવેદીએ ઉપસ્થિતોને સમજતા જણાવ્યું હતુ કેમેઘાણીએ ચાર નાટકગ્રંથ, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઈતિહાસ, તેર જીવનચરિત્રની રચના કરી હતી. લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું માણસાઈના દીવામાં વાર્તારુપે નિરુપણ કર્યુ, તેમના લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની ધિંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે. તુલસીક્યારો, યુગવંદના, કંકાવટી, સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર, અપરાધી વગેરે તેમનું નોંધપાત્ર સર્જન છે.શિષ્ટ સાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચે સેતુ બાંધે છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા ના ગુજરાતી વિભાગના પ્રોફેસર ભરત મહેતાએ ટ્રસ્ટ શાયર ઝવેરચંદ મેઘાણીની સંપાદિક પુસ્તકોનું આંકલન કરતા જણાવ્યું હતું કેઈતિહાસ ના જાણનાર કદિ ઈતિહાસ રચી શકે નહીં તે વાતની છણાવટ કરતાં જણાવ્યુ કે ઝવેરચંદ મેઘાણીને નાનપણથી જગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતુ. કલકત્તા રહ્યા દરમ્યાન તેઓ બંગાળી સાહિત્યનાં પરિચયમાં પણ આવ્યા હતાં. બગસરામાં સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશીત થતાં અખબારમાં લખવાની શરૂઆત કરી હતી. પોતાના સાહિત્યીક લખાણને ગંભીરતાપુર્વક લઈ રચાયેલ અનેક કથાઓ આજેય એટલી જ પ્રસ્તુ છે.સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા, સોરઠી સંતવાણી, દાદાજીની વાતો, કંકાવટી, રઢિયાળી રાત, ચૂંદડી, હાલરડાં, ધરતીનું ધાવણ, લોકસાહિત્યનું સમાલોચન, યુગવંદના, તુલસીક્યારો, વેવિશાળ, બોળો, કિલ્લોલ, વેણીના ફૂલ, સમરાંગણ, સોરઠ તારા વહેતા પાણી, માણસાઈના દીવાજેવી અનેક રચનાઓનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે રિલાયન્સ સ્કૂલ વડોદરા ના નિવૃત આચાર્ય જોરૂભાઈ ખાચરે ઝવેરચંદ મેઘાણીની કાવ્ય ઓતરાદા વાયરા, ઊઠો ઊઠો હો તમે..ઓતરાદા વાયરા, ઊઠો,પંક્તિગાન કરીને કાર્યક્રમનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો

જાણીતા કવિ અને શિક્ષણવિધ અને જૂનાગઢના નિવૃત્ત જિલ્લા શિક્ષણ અધિકારી નૈષધ મકવાણાએ સાહિત્ય અને કવિતા ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીની કૃતિઓનો રસાસ્વાદ કરાવતા જણાવ્યું હતું કે મનહરભાઈ શાહ અને મિત્રો દ્વારા વડોદરામાં અનેકવિધ સેવાકીય પ્રવૃતિ જનજાગૃતિ ટ્રસ્ટ માધ્યમે થઈ રહી છે. કોરોનાકાળમાં આર્થિક સહયોગ, રક્તદાન કાર્યક્રમો થકી મનહરભાઈ શાહ તેમનાં કાકાશ્રીની સ્વાતંત્ર સેનાની અને જનસુખાકારી અંગે પદચિહ્ને કાર્ય કરી રહ્યા છે.

જન જાગૃતિ અભિયાન વડોદરાના મેનેજિંગ ટ્રસ્ટી મનહરભાઈ શાહે જનજાગૃતિ અભિયાનની લોકો ઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ અને સાહિત્ય ક્ષેત્રે સન્માનની કાર્યક્રમની રૂપરેખા આપી જણાવ્યું હતું કેગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરદાવેલ, રૂપાયતન ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રોફેસર રમેશભાઈ મહેતાએ ગ્રંથ લોકાર્પણ સમારોહની રૂપરેખા આપી આમંત્રિતોને આવકાર્યા હતા.

આ પ્રસંગે રૂપાયતન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હેમંતભાઈ નાણાવટી અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટ રહી ઝવેરચંદ મેઘાણીનાં સાહિત્ય ખેડાણની સવાસોમી જયંતિ અને આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સંપાદિત ગ્રંથોની સરાહનાકરી હતી.

આ પ્રસંગે કવિ દિલીપ ધોળકીયા(શ્યામ), સહિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ગુજરાતી વિભાગનાં ડો. પારૂલ ભંડેરી, સાહિત્ય રસીક પ્રબુધ્ધ નગરજનો, સાહિત્યક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લા પંચાયત ખાતે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટની સમીક્ષા બેઠક મળી

જૂનાગઢ તા.૧

જિલ્લા પંચાયત ભવન જૂનાગઢ ખાતે પી.સી.એન્ડ પી.એન.ડી.ટી.એક્ટ- ૧૯૯૪ની સલાહકાર સમિતિની સમીક્ષા બેઠક મળી હતી. બેઠકમાં જિલ્લાની વિવિધ હોસ્પિટલ, ક્લિનિક, આરોગ્ય સંસ્થાઓને રીન્યુઅલ આપવા માટે એક સંસ્થાને મંજુરી આપવામાં આવી હતી. તેમજ સોનોગ્રાફી મશીન મશીન લે-વેચ અને હોસ્પિટલના સોનોગ્રાફી મશીન તેમજ હોસ્પિટલોમાં ડોકટરોના ફેરફાર બાબતની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર સમિતિ દ્વારા કરવામાં આવેલ કલીનીક ઈન્સ્પેકશનનો રીવ્યુ કરવામાં આવેલ. તેમજ જિલ્લામાં કોઈપણ જગ્યાએ પીસી અને પીએનડીટી એક્ટનો ભંગ થતો હોવાના કિસ્સામાં તે અંગે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અલ્પેશ સાલ્વિ દ્વારા હાજર સભ્યો અને અધિકારીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉક્ત સમીક્ષા બેઠકમાં સમિતિના અધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન વૈશ્નવ, તેમજ આરોગ્ય શાખાના અધિકારીઓ અને સંબંધિત શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગૌતમ અદાણીએ આપ્યો જીવનમાં સંતુલન રાખવાનો અમૂલ્યમંત્ર

### કામ અને જીવનમાં સંતુલન ત્યારે જ આવે જ્યારે મનગમતી પ્રવૃત્તિ કરતા હોવ



અમદાવાદ, તા.૧

ઈન્ફ્રામેન ઓફ ઈન્ડિયા તરીકે જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ વર્ક-લાઈફ બેલેન્સ સહિત વિવિધ વિષયો ઉપર પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા છે. દિલ્હી ખાતે આયોજીત એક કાર્યક્રમમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ તેમના જીવનની અનેક અકથિતબાબતો વિશે જણાવ્યું હતું. પોર્ટથી લઈને એરપોર્ટ સુધી વિસ્તરેલા બિઝનેસને સંભાળતા ગૌતમભાઈએછદ્રૈંને આપેલા એક ઈન્ટર્વ્યુમાં ધારાવીને ગૌરવ પ્રદાન કરવાની નેમ પણ વ્યક્ત કરી હતી.

ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું એ સૌથી અઘરૂ કામ છે. જો તે સરળ હોત, તો દરેક વ્યક્તિએ તે કર્યું હોત. જો તમે સંપૂર્ણપણેએન્ગેજ્ડ ન હોવ તો ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ શક્ય નથી". તેમણે ઉમેર્યુ હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્પેસમાં રોકાણ પર વળતર નોંધપાત્ર સમય લે છે, તેમાં ધીરજની જરૂર છે.અદાણી ગ્રૂપના ચેરમેને જણાવ્યું હતું કેઅદાણી ગ્રૂપ બંદરોથી એરપોર્ટ, સિમેન્ટથી ટ્રાન્સમિશન લાઈન અને ખાદ્ય તેલથી સૌર ઉર્જા પ્રોજેક્ટ્સનું નિર્માણ કરી રહ્યું છે.

મુંબઈના ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગે વાત કરતા ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે "વ્યક્તિગત રીતેજૂથના દષ્ટિકોણથી નહીં, મારા સ્તરે પણ, હું હંમેશા વિચારતો રહું છું કે આ (ધારાવી) પ્રોજેક્ટ વારસો બનાવી શકે છે.આપણે કેવી રીતે ૧૦ લાખ લોકોને ગૌરવ પ્રદાન કરી શકીએ? ભૂતકાળમાં ત્રણ વખત તેનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ૪૦ વર્ષ નિષ્ફળ ગયા". ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે તેમના જૂથે ઘણી અવિશ્વસનીય બાબતો શક્ય બનાવી છે અને તેઓ હવે ધારાવી પ્રોજેક્ટને પુનઃવિકાસ કરવા ઈચ્છે છે. તેમણે ઉમેર્યુ હતું કે "હું ૬૨ વર્ષનો છું, અને જ્યારે હું આગામી ૫-૧૦ વર્ષમાં નિવૃત્ત થઈશ, ત્યારે હું તેને વાસ્તવિકતા બનાવવા માંગુ છું, જેથી ધારાવીના૧૦ લાખ લોકો આગામી ૫૦ વર્ષ સુધી તે યાદ રાખે".

અદાણી ગ્રૂપના ચેરમેને જણાવ્યું હતું કે "જ્યારે વ્યક્તિ એ હકીકત સ્વીકારે છે કે તેઓ નશ્વર છે ત્યારે જીવન સરળ બની જાય છે.તમારું કાર્ય-જીવન સંતુલિત થાય છે.ત્યારે તમે એવા કાર્યો કરો છો જે તમને કરવાનું ગમતું હોય.અમારા બાળકો પણ તેવુજ માને છે. અહીં કોઈ કાયમ માટે આવ્યું નથી, જ્યારે કોઈ આ સમજે છે, ત્યારે જીવન સરળ બની જાય છે".શરૂઆતના દિવસોના અનુભવો શેર કરતાં,અદાણીએ જણાવ્યું હતું કે "મેં કોલેજ પૂર્ણ કરી નથી, મેં મારૂ પ્રથમ વર્ષ પણ પૂર્ણ કર્યું નથી. ધોરણ ૧૦ પછી પણ, હું આત્મવિશ્વાસથી બોલી શકતો ન હતો. મેં મારૂ શાળાકીય શિક્ષણ ગામડાની પૃષ્ઠભૂમિમાં કર્યું છે, કોઈ એક્સપોઝર નહતું. જ્યારે હું મારી આંખો બંધ કરૂ છું. ત્યારેમને એ બધુ યાદ આવે છે કે, કૌટુંબિક પૃષ્ઠભૂમિ, પૈસા અને શિક્ષણ વિના હું આજે આ સ્થાને કેવી રીતે પહોંચ્યો છું,"

ભાજપ સંચાલિત રાજ્યોમાં અદાણી જૂથને વિશેષ સુવિધાઓ મળે છે તેવા આક્ષેપો પર પૂર્ણવિરામ મૂકતા, ગૌતમભાઈએ જણાવ્યુંહતું કે "અમે લગભગ ૨૫ થી વધુ રાજ્યોમાં કામ કરી રહ્યા છીએ. ઘણા લોકો વારંવાર કહે છે કે અદાણી ગ્રૂપ માત્ર ભાજપના રાજ્યમાં જ કામ કરે છે. કેરળમાં વિઝિંજામ પોર્ટ જુઓ, જે રૂ. ૨૦,૦૦૦ કરોડમાં બનેલું છે. અદાણી જૂથ કોઈપણ વ્યક્તિ સાથે કામ કરવા તૈયાર છે તેમણે એ હકીકત પણ સ્વીકારી કે સરકારના સમર્થન વિના - ગમે તે પક્ષ હોય - માળખાકીય વિકાસ શક્ય નથી. "અદાણી ગ્રુપને કોઈ ખાસ સારવાર મળી રહી નથી".

### કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખ માંડવિયાના પ્રયાસોના પરિણામે

# કુતિયાણા અને માણાવદર તાલુકાના ગામોને રવિ સીઝનમાં મળશે સિંચાઈનું પાણી

જૂનાગઢ, તા.૧

કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખ માંડવિયાને રવિ સીઝનમાં કુતિયાણા અને માણાવદર તાલુકાના ગામના ખેડૂતોને ખેતી માટે સિંચાઈનું પાણી મળી રહે તેવી માટે રજૂઆત શ્રી રમેશભાઇ ઓડેદરા(પટેલ)એ કરી હતી. આ રજૂઆતને ધ્યાને લઈને કેન્દ્રીય મંત્રીએ પોતાના મત વિસ્તારના ખેડૂતોના હિત માટે

**કેન્દ્રીય મંત્રીમનસુખ માંડવિયાની રજૂઆતના પગલે બાંટવા-ખારો જળ સંપત્તિ યોજનામાંથી સિંચાઈ માટે પાણી છોડાશે**

રાજ્ય સરકારને બાંટવા-ખારો જળ સંપત્તિ યોજનામાંથી છોડવા માટે રજૂઆત કરી હતી. કેન્દ્રીયમંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવિયાની રજૂઆતને તાત્કાલીક ધ્યાને લઈને રાજ્ય સરકારે બાંટવા-ખારો જળ સંપત્તિ યોજનામાંથી સિંચાઈ માટે પાણી છોડવાની મંજૂરી આપી છે. રવિ સીઝનમાં કુતિયાણા અને માણાવદર તાલુકાના પાણી મળતા ખેડૂતોને ચણા અને અન્ય પાકોના ઉત્પાદનમાં મોટો લાભ થશે. કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખ માંડવિયાના પ્રયાસો અને રાજ્ય સરકારના નિર્ણયને પરિણામે કુતિયાણા અને માણાવદર તાલુકાના ખેડૂતોમાં હર્ષની લાગણી છવાઈ છે.

# કરાટેનાં ખેલાડીઓએ રાજયકક્ષાએ ભાવનગરનું ગૌરવ વધાર્યું




ભાવનગર, તા.૧ : વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડીયા દર વર્ષે કરાટેની તાલીમ લેતા વિદ્યાર્થીઓની આંતરિકશક્તિ વધારવા અને ડર ઉપર વિજય મેળવવા માટે અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરે છે. તાજેતરમાં રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, અલમપર, ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતના દરેક જિલ્લાઓ માંથી ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો તેમાંથી ભાવનગરના ખેલાડીઓએ વાડો કાઈ કરાટે ભાવનગરના દરેક કોચ પાસે સ્પર્ધાત્મક તાલીમ મેળવી ૦૬ ગોલ્ડ, ૦૫ સિલ્વર અને ૦૯ બ્રોન્ઝ મેડલ મેળવી ભાવનગરનું ગૌરવ વધાર્યું હતું. વાડો કાઈ કરાટે ભાવનગર જિલ્લાના ખેલાડીઓએ અલગ અલગ મેડલો મેળવી ભાવનગરનું ગૌરવ વધાર્યું તે બદલ વાડો કાઈ કરાટેનાં ભાવનગર જિલ્લા નિયામક સેનસાઈ કમલ એચ. દવે અને ટેકનીકલ ડાયરેક્ટર હાનસી અરવિંદ કે. રાણાએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કાર્યકાળ પૂરો થતા અગાઉ ચૂંટણીનું તર્કબદ્ધ આયોજન પણ ખાલી જગ્યાઓની ભરતી બાબતે ઉદાસીનતા

સરકાર હથિયારો અને ઉપકરણોનું ઉત્પાદન દેશમાં જ થાય એ માટે પ્રયત્નશીલ છે, એ સ્થિતિમાં સેના પર કાપ આવે તે સમજી શકાય એવું છે. એવો પણ તર્ક ખરો કે સૈનિકોની ભરતી હંગામી ધોરણે થાય. સરકાર એમ માને છે કે ટેકનિક આધારિત સેના જરૂરી છે, માત્ર દિલેરી પર નિર્ભર નહીં ! યુવાનો સેનામાં ભરતી થવા ઉત્સુક હોય છે, પણ બે વર્ષથી સેનામાં કોવિડને કારણે ભરતી થતી ન હતી.

સેના પર ખર્ચ કરવામાં ભારત, અમેરિકા ને ચીન પછીનો ત્રીજો મોટો દેશ છે. ચીન તેના સૈનિકોના પગાર પર રક્ષા બજેટનો ૧/૩ ભાગ જ્યારે ભારત રક્ષા બજેટના ૬૦ ટકા વાપરે છે. એ સ્થિતિમાં સૈનિકોની સંખ્યા ઓછી કરવી જરૂરી હોવાની ચર્ચા જરૂરી છે. પણ જો સીમા પર તણાવ હોય ત્યારે સૈનિકોની ભરતી બંધ થાય તો નકારાત્મક અસર પડી શકે.


એમાં કોઈ શક નથી કે સરકાર સુરક્ષાને મામલે સતત જાગૃત છે, પણ દેશમાં નક્સલીઓનું જોર વધતું આવે છે ને તેને ચીનનો સાથ છે તેય ખરું. નક્સલવાદ હવે માઓવાદ તરીકે ફેલાઈ રહ્યો છે. દર વરસે નક્સલી કમાંડરો યુનિટમાં હજારેક વનવાસી યુવાનોની ભરતી કરે છે ને નક્સલીઓની સંખ્યા વધતી રહે છે. એની સામે કેટલાક વરિષ્ઠ અધિકારીઓએ નવી ને સશક્ત પેઢીને સૈન્ય અને પોલીસમાં ભરતી કરવાનું શરૂ કર્યું છે. એ જ રીતે મહારાષ્ટ્ર પોલીસે પણ એન્ટિ માઓ સ્કવોડ જેવી વિવિધ પોલીસ ટુકડીઓ તૈયાર કરી છે. દેશમાં પ્રોફેશનલ સૈનિકોની જગ્યાએ હંગામી ધોરણે ભરતી થાય તો તેની અસર ક્ષમતા પર પણ પડી શકે. ધારો કે, ઓછા સમય માટે ભરતી થાય તો યુવાનો ૨૪ વર્ષના થતાં સુધીમાં સેનામાંથી બહાર થઈ જાય ને એથી બેકારીમાં જ વધારો થાય. આટલી બેકારી વચ્ચે કેન્દ્રના ૮૦ વિભાગોમાં ૯.૫૬ લાખ જગ્યાઓ ખાલી છે. સંરક્ષણ જેવાં સેક્શનમાં ૨.૪૩ લાખ ભરતીઓ બાકી છે. એ ગ્રેડ ઓફિસરની ૩૧૬૯૪ ખાલી જગ્યાઓમાં ભરતી થઈ નથી. ઈસરોમાં એ ગ્રેડ અધિકારીઓની ૧૨૫૧ જગ્યાઓ ખાલી છે. સ્પેસ મંત્રાલયમાં ૩૮૮૬, હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર વિભાગમાં ૭૦૦૨ અને રેલવેમાં ૩.૧૬ લાખ અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી થઈ નથી. યુપીએસસીમાં એ ગ્રેડમાં ૫૦ અને બી ગ્રેડમાં ૧૦૩ ઑફિસરોની અછત છે.

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીને ૧૭ વર્ષ થયાં, પણ ચીફ એકાઉન્ટન્ટ મળતા નથી. આ યુનિવર્સિટી સાથે ૫૦૦થી વધુ કોલેજો સંકળાયેલી છે, કરોડો રૂપિયાનું ફંડ છે, એકાઉન્ટિંગ માટે આઉટ સૉર્સિંગ થાય છે, પણ ચીફ એકાઉન્ટન્ટ પરવડતા નથી. એ જ હાલત ગુજરાત યુનિવર્સિટીની પણ છે. અહીં પણ વર્ષોથી ચીફ એકાઉન્ટન્ટ નથી. ગુજરાતમાં ભરતીની વાતો તો થાય છે, પણ ભરતી ખુબ ઓછી થાય છે. રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે ૧૦ વર્ષમાં જુદા જુદા વિભાગોમાં ૨.૪૦ લાખ કર્મચારીઓની ભરતી કરવાનું કહ્યું છે. આમ તો દર વર્ષે ૪૦ હજારથી વધુ ભરતીઓની વાત છે. સરકાર કહે છે તેમ દર વર્ષે ૧૫થી ૧૭ હજાર કર્મચારીઓ નિવૃત્ત થતા હોય છે. કુલ ભરતી તો દસ વર્ષે ૨.૪૦ લાખની જ કરવાની વાત છે. આ વાતમાં શિક્ષણ વિભાગ પણ મોખરે છે. ૨૦૧૭થી ૫૪,૦૦૦ કાયમી શિક્ષકોની ભરતી થતી નથી, પણ જ્ઞાન સહાયકની ફિક્સ પગારની કોન્ટ્રાક્ટ આધારિત ભરતીઓ થાય છે, તે એટલે કે નિવૃત્તિનો પ્રશ્ન ન આવે ને તેને લગતા લાભો આપવા ન પડે. ૫ વર્ષની ટર્મ પૂરી કરે તે સાંસદ કે વિધાનસભ્યને પેન્શન મળે, પણ ત્રીસેક વર્ષની નોકરી કરનાર શિક્ષકને પેન્શન ન આપવું પડે એટલે કામચલાઉ શિક્ષકોથી ચલાવાય છે. આ વર્ષે સરકારની ૨૪,૭૦૦ની ભરતી કરવાની વાત સ્વીકારીએ તો પણ ૩૦ હજારની ભરતી તો બાકી જ રહે છે. કલા મહાકુંભ યોજનારી ગુજરાત સરકાર ૧૫ વર્ષથી કલા શિક્ષકોની ભરતી કરી નથી. વાત શિક્ષકો પૂરતી જ મર્યાદિત નથી.

આચાર્યો, કુલપતિઓની નિમણૂક પણ સરકાર કાયમી ધોરણે ન કરતાં ઈન્ચાર્જ આચાર્યો, ઈન્ચાર્જ કુલપતિઓથી ચલાવે છે. ગુજરાતની ૨૦૦થી વધુ કોલેજોમાં કાયમી આચાર્ય નથી. યુનિવર્સિટી ગ્રાંટ કમિશન(યુજીસી)ના આદેશ મુજબ યુનિવર્સિટી અને કોલેજમાં નેકની માન્યતા ફરજિયાત છે, પણ ગુજરાતની ૮૩ યુનિવર્સિટીમાંથી ૫૫ યુનિવર્સિટી પાસે નેકની માન્યતા નથી. રાજ્યની ૨૨૬૭ કોલેજોમાંથી ૧૭૬૭, એટલે કે ૭૮ ટકા કોલેજો પાસે નેકનું જોડાણ નથી. 'ઈન્ચાર્જ'થી જ સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ ચાલે છે. લોકસભામાં સરકારે જ માહિતી આપી છે કે દેશમાં ૨૧ બોગસ યુનિવર્સિટીઓ છે, જેમાં સૌથી વધુ (૮) દિલ્હીમાં છે. એ પછી ઉત્તરપ્રદેશમાં ૪, આંધ્ર, કેરળ, પશ્ચિમ બંગાળમાં બબ્બે ને કર્ણાટક, મહારાષ્ટ્ર, પુડુચેરીમાં એક એક છે. સદભાગ્યે ગુજરાત એમાં નથી. ૨૦૧૪થી ૨૦૨૪ સુધીમાં ૧૨ યુનિવર્સિટીઓને તાળાં લાગ્યાં છે. નકલી બધું બંધ થાય એ ન્યાયે યુનિવર્સિટીઓ પણ બંધ થાય એ આવકારદાયક છે, પણ સવાલોનો સવાલ એ છે કે આટલો લાંબો સમય એ ચાલે છે ને કોઈને એનો અણસાર કેમ નથી આવતો? આવો વિશ્વાસ રાજકીય પીઠબળ વગર શક્ય નથી. કાર્યકાળ પૂરો થવા પહેલાં દેશમાં ચૂંટણીઓ થાય છે, પણ ભરતીઓ કરવાની હોય તો અખાડા જ થાય છે. ભારત દેશના દરેક રાજ્યમાં છેલ્લા ઘણા વર્ષોથી દરેક પક્ષની સરકારો કોઈ પણ ક્ષેત્રે મોટો ખર્ચ કરવામાં જરાય ખચકાતી નથી, પણ ભરતી કરવામાં ભારે કંજૂસાઈ કરે છે. તો શું હવે પ્રજા પણ એટલી નિર્લેપ થઈ ગઈ છે કે તેને કૈં હોય કે ન હોય, કોઈ ફરક પડતો નથી.

### દેશના ૧૮ રાજ્યના ૯૩ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલથી સન્માનિત કરાયા

# શિક્ષણની અગત્યતાને સમજવું જરૂરી :કુ.ડો.સના કુત્બુદ્દીન






(મહેમૂદ મારફતિયા)

અમદાવાદ, તા.૧

મુસ્લિમ સમાજમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે સાડા ત્રણ દાયકા કે તેથી વધુ સમયથી દેશભરમાં કાર્યરત એક માત્ર સંસ્થા અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી) દ્વારા ૩૪મો ઇન્ટરનેશનલ કન્વેન્શન અને ગાલા એવૉર્ડનો બે દિવસીય કાર્યક્રમ ડો.નાકાદાર ઈન્સ્ટિટ્યૂટ ઓફ નોલેજમા નંદાસણ ખાતે યોજવામાં આવ્યો હતો.જેમાં દેશભરના વિવિધ રાજ્યોના તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ,સિલ્વર અને બ્રોન્ઝ મેડલ એનાયત કરી સન્માનિત કરાયા હતા.મુંબઈ સ્થિત અંજુમને ઈસ્લામના પ્રમુખ 'પદ્મશ્રી'ડો.ઝહિર કાઝીને સમારંભમાં એફમીએ પ્રાઈડ ઓફ ઈન્ડિયાએવોર્ડ એનાયત કર્યો હતો.

આજના યુવાનોને શરમાવે તેવી સમાજની ઊન્નતિ માટે ઊંચી સોચ-વિચાર ધરાવતા અમેરિકા સ્થિત મુસ્લીમ સિનિયર સિટીજનોની એક માત્ર સંસ્થા અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી) ની આંતર રાષ્ટીય ક્ષેત્રે કામગીરીને દેશભરના તેજસ્વી તારલાઆ તેમજ શૈક્ષણિક વિદો અને ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવી હતી.

અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી)નવા પ્રમુખ કુ.ડો.સના કુત્બુદ્દીને જણાવ્યું હતું કે,ડો. નાકાદારે સંસ્થા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ આપ્યા જે એક મોટી સફળતા છે.સમાજેં શિક્ષણની અગત્યતાને સમજવું પડશે. યુવાનને મોટીવેટ કરી તેમની પાસેથી સારા પરિણામો મેળવી શકાય તેમ છે. ફક્ત વિદ્યાર્થીઓ માટે જ નહિ, તમામ લોકો માટે આજે પડકાર છે.

અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી)ના ડો.અબ્દુલ રહેમાન નાકાદારે તેજસ્વી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે ભારતમાં મુસ્લિમોનું શિક્ષણનું સ્તર ઊંચું લાવવાના હેતુથી ૧૯૮૮માં સંસ્થાની સ્થાપના કરી હતી.ડો. નાકાદર ઇન્સ્ટિટ્યૂટ ઑફ નોલેજ ડો. નાકાદર ચેરિટેબલ ટ્રસ્ટનું એક એકમ નંદાસણ ગામમાં કાર્યરત છે,તેમની નંદાસણની સંસ્થાના સફળ વિદ્યાર્થીઓ અમેરિકામાં પી.જી.કરવા આવે છે.

પરવીન અકબર મોહમ્મદે જણાવ્યું હતું કેં,એક સંસ્કારી મુસ્લિમ પોતાના આચરણથી અન્ય લોકોને પ્રભાવિત કરે છે અને આ અંગે સમાજે ધ્યાન રાખવું જોઈએ.

એન્જિનીયર-મોંહમદ શફી લોખંડવાલાએં જણાવ્યું કેં,કોઈ નવી શોધને સ્વીકારી સમય સાથે ચાલવામાં વિલંબ થતા સમાજને ખૂબ નુકશાન સહન કરવું પડ્યું છે.

લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ,ગુજરાત ટુડના પ્રમુખ મોંહમદ સુહેલ એમ. તિરમીઝી એં જણાવ્યું હતું કે, ગુજરાત ટુડેં આજે વિદ્યાર્થી અને વાલીઓ માટે માર્ગદર્શક છે. ગુજરાત ટુડે પ્રેરણાદાયક સમાચાર દરરોજ છાપે છે તેમજ શિક્ષણ ઉપર વિશેષ ભાર આપે છે.

દરેક સંસ્થાએ પોતાનું ૧૦થી ૧૫ ટકા બજેટ દેશના બંધારણની રક્ષા કરવા પાછળ ખર્ચવા જોઈએ અને કોઈ 'નફરતભરી સ્પીચ કે ભાષણ આપી ઝેર ફેલાવે તો તેમની સામે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવી અને જો પોલીસ સહકાર ન આપ તો મેજીસ્ટ્રેટની કોર્ટમાં વકીલ મારફતે ફરિયાદ દાખલ કરવી જોઈએ. અને વકીલે પણ ફી લીધા વગર દેશના બંધારણને મજબૂત કરવા ફરિયાદ દાખલ કરાવી દેશના હિતમાં મદદ કરવી જોઈએ. ઈરફાન મોગલે જણાવ્યું હતું કે,મહેનતનો કોઈ વિકલ્પ નથી.આજે સમય સાથે "અપડેટેડ" રહેવું જોઈએ.

ઉચ્ચ સરકારી નોકરીની પરીક્ષાનાં વર્ગ ચલાવનાર ડો. હિદાયતુલ્લા સૈયદે જણાવ્યું કે, જ્યાં સુધી તમે લાયક ન બનો ત્યાં સુધી કોઈ સફળતા નહિ મળે. તમારા ક્ષેત્રમાં એટલા લાયક બનો કે અન્ય કોઈ એ ક્ષેત્રમાં દેખાય જ નહિ. આઈ.એ.એસ અને આઈ.પી. એસ. કે ઇન્ડિયન ફોરેન સર્વિસ આજે ફક્ત ૧૨ મુસ્લિમ ડાયરેક્ટ આઇ.એ.એસ. છે બાકી પ્રમોટી છે.


આ પ્રસંગે અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ ઓફ ઇન્ડિયન (આફમી)ના ઉદ્યોગપતિ-બાબુભાઈ, પ્રોફેસર ડો.લુકમાન ખાન, વાયુસેનાના નિવૃત્ત મોંહમદ અલી કુરેશી,મોંહમદ શફી લોખંડવાલા,હૈદરાબાદ ઉર્દૂ પત્રકાર ડો.સૈયદ ફાઝીલ હુસૈન, જામિયા હમદર્દ યુનિવર્સિટીનાં ડીન પ્રો.રઈસુદીન તેમજ એડ્વોકેટ શમસાદખાન પઠાણ તેમજ ડો.અકબર મોહમદ વગેરેં પણ શિક્ષાને લોક સેવા માટે ઉપયોગમાં લેવા સુર પુરાવ્યો હતો. બે દિવસ ચાલેલા સન્માન સમારોહમાં ભાવનગરમાં ૨૫થી વધુ લોકોના જીવ બચાવનારા બહાદુર વીરોને રોકડ ૫૦હજારનો પુરસ્કાર આફમી દ્વારા આપી સન્માનિત કરાયા હતા. અંતમાં, ડો.કુત્બુદ્દીને આભાર વિધિ કરી હતી.

### ટાંકણાથી પથ્થરમાં પ્રેમની કવિતા લખનાર શિલ્પી હિરાધરની ગૌરવગાથા એટલે...

# 'પથ્થરે પૂર્યા પ્રાણ' નાટય સર્જન જોઈ પ્રેક્ષકોની આંખો ભીંજાઈ

### અર્પણ ઈન્ટરનેશનલ થિએટર્સ પ્રસ્તુત ઐતિહાસિક નાટક ડભોઈનાં કિલ્લાનાં સર્જન વખતની સત્ય ઘટનાં નિરૂપણ થઈ છે - મેહુલ પટેલ : એચ.કે. હોલનાં રંગમંચ પર અવિરત ત્રણ દિવસ પથ્થરે પૂર્યા પ્રાણનું મંચન થયું






જૂનાગઢ તા.૧

અમદાવાદ ખાતે એચ.કે. હોલનાં રંગમંચ પર અવિરત ત્રણ દિવસ સુધી પથ્થરે પૂર્યા પ્રાણ નાટય સર્જન જોઈ હજારો પ્રેક્ષકોની આંખો ભીંજાઈ ગઈ હતી. નાટકનાં દિગ્દર્શક શૈલેષ મહેતા અને મેહુલ પટેલ દ્વારા પ્રસ્તુત આ નાટકનો ૯મો શો સફળતાપૂર્વક મંચન થયો હતો.

સામાજિક-પારીવારીક અને નિર્દોષ હાસ્યની છોળો ઉડાડે તેવા ઉત્કૃષ્ઠ નાટકોનું સર્જન કરવામાં જેઓનું મહત્વનું યોગદાન રહ્યું છે તેવા અર્પણ ઈન્ટરનેશનલ થિએટર્સનાં સ્થાપક સ્વ.પંકજ પટેલ અને સ્વ.રમેશ અમીનનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતી નાટકોનાં મંચનને ખુલ્લુ આકાશ મળ્યું છે. પથ્થરે પુર્યા પ્રાણ નાટક ઐતિહાસીક પ્રણયકથા છે અને પ્રેક્ષકોનાં દિલને સીધો સ્પર્શ કરી જાય તેવું નાટય સર્જન હોવાનું દિગ્દર્શક-નિર્માતા મેહુલ પટેલે કેસરીને જણાવ્યું હતું.

અમદાવાદનાં આશ્રમ રોડ પર એચ.કે. હોલનાં રંગમંચ પર તા.૨૭, ૨૮ અને ૨૯ એમ ત્રણ-ત્રણ દિવસ પથ્થરે પૂર્યા પ્રાણ નાટકનું મંચન થયું હતું. ઐતિહાસીક સત્ય ઘટનાં આધારીત કથા ડભોઈ ગામે રાજાશાહી વખતે ગામ ફરતે કિલ્લાનું ચણતર કરતા હિરાધર સલોટ તેની પ્રેમિકા રૂપા અને નર્તકી ચંપાકલી આસપાસ વારતાને જબરો પ્રતિસાદ મળે છે.

ટાંકણાથી પથ્થરમાં પ્રેમની કવિતા લખનાર શિલ્પી હીરા સલાટનાં કિરદારમાં આર્જવ ત્રિવેદી, રૂપાનાં કિરદારમાં ડેનીસા ઘુમરા, ચંપાકલી નર્તકીનાં કિરદારમાં હર્ષિદા પાણખાણીયા, હીરાનાં મિત્રની ભૂમિકામાં રાહુલ રાવલ અને આરજે સલોની સહિત ૨૧ કલાકારોની ટીમે મજબુત કથાનક સાથે એવો ચોટદાર અભિનય કર્યો કે, પ્રેક્ષકોની આંખો ભીંજાઈ ગઈ ! ડભોઈનાં ઐતિહાસિક કિલ્લાનાં સર્જન વખતની સાચુકલી વારતાનાં સાક્ષીરૂપે ડભોઈનો જર્જરીત કિલ્લો આજેય હીરા સલાટને યાદ કરે છે. શરૂઆતથી અંત સુધી વાર્તાને જકડી રાખનાર નાટકનાં સુત્રધાર તરીકે રાજકોટનાં પ્રેમ ઠક્કરે પણ દર્શકોનું અભિવાદન ઝીલ્યું હતું.

લેખક-ગીતકાર શુકદેવ પંડયા, સંગીત ભુપેન્દ્ર પટેલ, ઝલક પંડયાએ નાટય સર્જનમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. નાટયશો માટે નિર્માતા મેહુલ પટેલનો મોબાઈલ નંબર ૯૮૯૮૪૦૩૨૩૬ પર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

**છ દાયકાની નાટય સર્જન યાત્રામાં અર્પણ થિએટર્સનું કામ બોલે છે : અભિલાષ ઘોડા**

ગુજરાતી નાટકોનાં નિર્માણમાં ઉત્તમ કથા સાથે સહ પરિવાર નાટક નિહાળી શકે તેવું જબરૂ કામ છેલ્લા છ દાયકાથી અર્પણ થિએટર્સનું રહ્યું છે. આ શબ્દો છે ગુજરાતી નાટક-ફિલ્મક્ષેત્રે બહુમુલ્ય યોગદાન આપી રહેલા અભિલાષ ઘોડાનાં.

અર્પણ થિએટર્સનાં સ્થાપક સ્વ.પંકજભાઈ પટેલ અને સ્વ.રમેશભાઈ અમીને નાટય સર્જન માટે પોતાની જીંદગી સમર્પિત કરી દીધા બાદ આજે તેની બીજી પેઢી એટલે કે મેહુલ પટેલે પણ તેમનાં આદર્શ સાથે નાટય સર્જનની યાત્રા સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. મુખ્ય નાટકો પૈકી કાકાએ કરી એરસ્ટ્રાઈક, મોજ કરી લો યાર, રૂપિયામાં રમતો માણસ, પ્રેમનો પાસવર્ડ અને દિકરી મારી લાજવાબ બાદ પથ્થરે પૂર્યા પ્રાણ નાટયને પ્રેક્ષકો જબરો પ્રતિસાદ આપી રહ્યા છે. લોક સાહિત્યકાર યોગેશ ગઢવી, ગાય, ગોબર અને ગિર માટે કામ કરતા વિરલબાપુ તથા અભિલાષ ઘોડા આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી નાટય નિહાળ્યું હતું.

# હઝરત શાહેઆલમ દરગાહ મખમલી ચાદર ચઢાવાઇ



હઝરત શાહેઆલમ(ર.અ.) ૫૬૬મા ઉર્ષનો પ્રારંભ થયેલ છે.સતત ૨૨ દિવસ સુધી ઉજવાતા આ ઉર્સ પ્રસંગેં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ હઝરત શાહે આલમ (ર.અ.) દરગાહ શરીફની ઝિયારત માટે હાજરી આપતા હોય છે. ગુજરાતના હઝરત સૈયદ સિરાજુદ્દીન શાહેઆલમ (ર.અ.)નો ૫૬૬માં ઉર્સ સમાપનના પૂર્વે હજ સમિતિના ચેરમેન -ઈકબાલભાઈ સૈયદના નેતૃત્વ હેઠળ મખમલી ચાદર ચઢાવાઇ હતી.

# સ્થાનિકોની સમસ્યા સાંભળતા જમાલપુર ખાડિયા વિધાનસભાના ધારાસભ્ય- ઈમરાન ખેડાવાલા



જમાલપુર ખાડિયા વિધાનસભાના ધારાસભ્ય-ઈમરાન ખેડાવાલાએ પોતાના મત વિસ્તાર રાયખડના ગાંધી ચોકના રહીશોને રૂબરૂ મળી તેમના પ્રશ્નો સાંભળયા હતા સ્થાનિકોની સમસ્યાઓ સાંભળી અને તાત્કાલિક ધોરણે પ્રજાલક્ષી ફરિયાદો નિવારણ કરવામાં આવે તેં અંગે જે તે જવાબદાર અધિકારીઓને રજુઆત કરી હતી.તા.૩૦-૧૨-૨૪ સોમવારના રોજ જમાલપુર-ખાડિયા વિધાનસભાના ધારાસભ્ય-ઈમરાન ખેડાવાલાની ભલામણથી રાયખડ વિસ્તાર ખાતે આવેલ ગાંધી ચોકમાં નવી પાણીની લાઈનનુ કામ શરૂ કરવામાં આવ્યું હતું .સ્થાનિકો અને આગેવાનોએ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનુ આભાર વ્યક્ત કર્યુ."

# ખંભાળિયામાં છાત્ર શક્તિ રથનું આગમન : ABVP દ્વારા કાર્યક્રમો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

તા. ૨૦ ડિસેમ્બર,૧૯૭૩ રોજ મોરબીમાં આવેલ એલ.ઈ. એન્જિનિયરિંગ કોલેજના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલું આંદોલન આગળ જતાં નવ નિર્માણ આંદોલનના સ્વરૂપમાં જોવા મળ્યું હતું. આ આંદોલનને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે.

જેની ઉજવણીના ભાગરૂપે તા.૨૦ ડિસેમ્બરથી મોરબીથી નીકળેલી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની છાત્ર શક્તિ રથયાત્રાએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવેશ કર્યો હતો. આ સાથે ખંભાળિયામાં આવેલી વિવિધ કોલેજના કેમ્પસમાં છાત્ર શક્તિ યાત્રા જઈને અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ આંદોલનથી વિદ્યાર્થી તાકાતનો અહેસાસ કરાવ્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા આ રથયાત્રાનું સ્વાગત ઉત્સાહ અને ઉષ્માભેર કરવામાં આવ્યો હતો. જેમાં અનેક વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ સાથે અનેક કોલેજોમાં બૌદ્ધિક કાર્યક્રમમાં પણ જોડાયા હતા. આ રથયાત્રામાં જિલ્લા પ્રમુખ દીપકભાઈ રાઠોડ, સંયોજક ચિંતનભાઈ ખાણધર, સંગઠન મંત્રી જયદેવસિંહ જેઠવા તથા ખંભાળિયા નગરના કાર્યકર્તાઓ દ્વારા વિદ્યાર્થીઓને નવ નિર્માણ આંદોલન વિશેની માહિતીઓ આપવામાં આવી હતી.

# ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં આવતીકાલે કુંડવારાનો મનોરથ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવાકુંજ હવેલી ખાતે આવતીકાલ ગુરૂવાર તારીખ ૨ જાન્યુઆરીના રોજ રાજભોગમાં શ્રી નો કુંડવારાના મનોરથના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ દર્શનના મનોરથી તરીકે અહીંના જાણીતા ગુજરાત ઓઈલ મીલવાળા દાવડા પરિવાર રહેશે.

# હાંસિયા ઉપર ધકેલાયેલી પીડા : આંતરરાષ્ટ્રીય ધ્યાન માટે સંઘર્ષ

(એજન્સી) તા.૧

ગાઝા ઉપર ઈઝરાયેલના ૧૪ મહિનાના લાંબા યુદ્ધમાં ઓછામાં ઓછા એક વખત ૯૦ ટકા વસ્તી વિસ્થાપિત થઈ છે અને ૪૫,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૧,૦૦૦ ગુમ થયા છે. પરિણામે પેલેસ્ટીની કારણ સાથે વૈશ્વિક એકતાની લહેર ઝડપથી ઉભરી આવી. મનિલા, ટ્યૂનિસ, તેહરાન, સારાજેવો, બેલગ્રેડ, કરાચી, બેરૂત, હરારે, ટોક્યો, સ્ટોકહોમ, લંડન, જોહાનિસબર્ગ, ક્યૂઝોન સિટી, મિલાન, વોશિંગ્ટન, ડીસી, પેરિસ, બર્લિન, ઢાકા જેવા શહેરો સહિત વિશ્વભરમાં વિરોધ પ્રદર્શનો થયા વગેરે ગાઝા ઉપર ઈઝરાયેલના હવાઈ, જમીન અને દરિયાઈ હુમલાને નરસંહાર તરીકે વર્ણવવામાં આવેલા યુદ્ધના જવાબમાં વિશ્વના નેતાઓની નિષ્ક્રિયતાની ટીકા કરવા અને યુદ્ધનો અંત લાવવાની માગણી સાથે વિરોધીઓ શેરીઓમાં ઊતર્યા. વિશ્વભરમાં ધાબાઓ, યુનિવર્સિટીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ઉપર પેલેસ્ટીની ધ્વજ લહેરાવવામાં આવ્યા હતા.

યુનાઈટેડ સ્ટેટ્સમાં લગભગ ૮૦ શાળાઓ અને યુનિવર્સિટીઓમાં શાંતિપૂર્ણ વિદ્યાર્થીઓની છાવણીઓ જોવા મળી હતી, જેમાં વિદ્યાર્થીઓ ઈઝરાયેલમાં યુનિવર્સિટી રોકાણો અંગે પારદર્શિતા અને પેલેસ્ટીનના કબજાને ટેકો આપતી નાણાકીય અને સાંસ્કૃતિક સંસ્થાઓમાંથી રોકાણના વિનિવેશની માંગણી કરે છે. ડિસેમ્બર ૨૦૨૩માં દક્ષિણ આફ્રિકાએ ગાઝામાં તેની ક્રિયાઓના નરસંહારની પ્રકૃતિને ટાંકીને આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં ઈઝરાયેલ વિરુદ્ધ કેસ દાખલ કર્યો. ગાઝામાં લગભગ ૨૧૦૦ કિલોમીટર દૂર, ઘાતક યુદ્ધે ૧.૨ કરોડ લોકોને વિસ્થાપિત કર્યા છે, ૨૦ મહિનામાં ૧,૫૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે અને ૨.૫ કરોડ ભૂખનો સામનો કરી રહ્યા છે. સુદાન સતત બીજા વર્ષે આંતરરાષ્ટ્રીય બચાવ સમિતિ (IRC)ની ‘સૌથી ખરાબ માનવતાવાદી કટોકટી’ની યાદીમાં ટોચ ઉપર છે. કટોકટીની તીવ્રતા હોવા છતાં રાજકારણ અને મીડિયાના નિર્દય વલણોની તિરાડોમાંથી સરકીને સંઘર્ષ ભૂલી ગયો છે.

દુકાળ, વિસ્થાપન અને સુદાનમાં હત્યા અને સામૂહિક બળાત્કાર જેવા સતત અત્યાચારો ભાગ્યે જ મોટા મીડિયા આઉટલેટ્સમાં હેડલાઈન્સ બનાવે છે. પરિણામે MENA પ્રદેશ અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ અને અન્ય એકતા દુર્લભ છે. કેટલાક એવી દલીલ કરી શકે છે કે, સુદાનનો મામલો ગૃહ યુદ્ધ છે અને તેથી પેલેસ્ટીન અથવા યુક્રેનમાં કબજાના કેસ કરતાં સમજવા અને વ્યવહાર કરવા માટે વધુ જટિલ છે. અન્ય લોકો દલીલ કરે છે કે, આંતરરાષ્ટ્રીય કાર્યસૂચિની સંભવિતતા મર્યાદિત છે. ગાઝા યુદ્ધના કેન્દ્રમાં હોવાથી સુદાનના સંઘર્ષને બાજુ પર રાખવો પડ્યો. આ પ્રકારનું પ્રવચન ‘આંતરરાષ્ટ્રીય ધ્યાન’ માટે સ્પર્ધાનું સર્જન કરે છે, એક એવી ઘટના છે જે મોટાભાગે વૈશ્વિક ઉત્તરની પ્રાથમિકતાઓ દ્વારા નક્કી કરવામાં આવે છે. આવી ગતિશીલતા વિશ્વભરના સંઘર્ષોના કારણો અને પ્રતિભાવોને આકાર આપવામાં મુખ્ય અભિનેતા તરીકે ગ્લોબલ નોર્થની ભૂમિકાને મજબૂત બનાવે છે. આંતરરાષ્ટ્રીય ધ્યાન આકર્ષિત કરવા માટે પેલેસ્ટીની અને સુદાનીઝ મુદ્દાઓને વિરોધાભાસી વાર્તા તરીકે રજૂ કરવાના પ્રયાસો બે લોકો વચ્ચેના સહકાર અને એકતાના લાંબા ઈતિહાસને અવગણે છે. સુદાન લાંબા સમયથી અરબ સમિટનું આયોજન કરવા માટે જાણીતું છે જેનું પરિણામ ‘ત્રણ નંબર’ ઈઝરાયેલ સાથે શાંતિ નથી, ઈઝરાયેલને માન્યતા નથી અને ઈઝરાયેલ સાથે મંત્રણા નથી. બંને દેશોના નેતાઓ વચ્ચે તાજેતરના સામાન્યકરણ હોવા છતાં એક આરોપી યુદ્ધ ગુનેગાર અને અલ-બુરહાન, સુદાનમાં સંક્રમણકારી લશ્કરી નેતા સુદાનના પક્ષોએ પેલેસ્ટીન માટે તેમનો ટેકો વ્યક્ત કર્યો, કરારને નકારી કાઢ્યો અને રાજધાનીમાં પ્રદર્શન કર્યું. ઉપેક્ષા, હાંસિયા અને ઉપેક્ષાનો સુદાનનો અનુભવ ૭૦થી વધુ વર્ષોના વ્યવસાયની અંદર પેલેસ્ટીની સંઘર્ષના ચક્રને પ્રતિબિંબિત કરે છે. વેસ્ટ બેંક ઉપર સતત કબજો અને ગાઝાની નાકાબંધી હોવા છતાં પેલેસ્ટીનીઓને ઘણીવાર



આંતરરાષ્ટ્રીય કાર્યસૂચિ ઉપર સમાન રીતે બાજુ ઉપર રાખવામાં આવ્યા છે, ફક્ત ૨૦૧૪ અને ૨૦૨૧ યુદ્ધો જેવા ઉન્નતિના સમયગાળા દરમ્યાન ફરીથી ઉભરી આવવા માટે. અનુભવમાં સમાનતા સૂચવે છે કે, આંતરરાષ્ટ્રીય ધ્યાન ફક્ત સંઘર્ષો વચ્ચે બદલાતું નથી, પરંતુ તેના બદલે વૈશ્વિક ઉત્તરના હિતો સાથે સંરેખિત થાય છે, આ સ્થાયી પરિબળના આધારે મુદ્દાઓ અને ધ્યાનને પ્રાથમિકતા આપે છે. ગ્લોબલ નોર્થે દાયકાઓ સુધી આફ્રિકામાં સંઘર્ષમાં હસ્તક્ષેપ કર્યો છે જ્યારે તેના હિતો દાવ ઉપર હતા, જેમ કે ૨૦૦૬માં સોમાલિયામાં અલ-શબાબ સામે લશ્કરી હસ્તક્ષેપ. જો કે, દાયકાઓ સુધી આફ્રિકાના સંસાધનોનું શોષણ કર્યા પછી અને અસફળ લશ્કરી અને રાજદ્વારી દરમ્યાનગીરીઓમાં સામેલ થયા પછી પશ્ચિમ આફ્રિકાથી કંટાળી ગયો અને દેશમાં માનવીય વેદના અને અસ્થિરતાને સંબોધ્યા વિના તેના હિતોનું રક્ષણ કરવાના માર્ગો શોધવાનું શરૂ કર્યું. એક વાસ્તવિકતા કે જે વૈશ્વિક ઉત્તરે લાખો લોકો માટે બનાવવામાં ભાગ લીધો છે. આ દર્શાવે છે કે, તે પેલેસ્ટીની લોકોની વેદના નથી જેને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે, પરંતુ વૈશ્વિક ઉત્તરના હિતોમાં તાજેતરના વધારાના પરિણામો છે. આ ક્ષેત્રમાં પશ્ચિમના સૌથી મહત્ત્વપૂર્ણ સાથી તરીકે ઓળખાતા ઈઝરાયેલે આ તરફ ધ્યાન દોર્યું છે. પેલેસ્ટીની મુદ્દા ઉપરનું તાજેતરનું આંતરરાષ્ટ્રીય ધ્યાન યુદ્ધની શરૂઆતમાં ઈઝરાયેલને મળેલા ધ્યાનથી ઉદ્ભવ્યું છે, જેને પેલેસ્ટીની વેદના તરફ ધ્યાનથી અલગ કરી શકાયું નથી. યુદ્ધના પરિણામો ગાઝા સુધી વધુને વધુ સીમિત થતાં જતા, વધતા મૃત્યુ છતાં આંતરરાષ્ટ્રીય ધ્યાન અન્ય મુદ્દાઓ તરફ વળે છે. એક બીજા ઉપરના સંઘર્ષ ઉપર આંતરરાષ્ટ્રીય ધ્યાન વિવિધ કારણોના સમર્થકો વચ્ચે સ્પર્ધાનું નિર્માણ ન કરવું જોઈએ, પરંતુ તે સિસ્ટમની પુનર્વિચારણા અને પડકારને પ્રેરણા આપવી જોઈએ જ્યાં વૈશ્વિક ઉત્તર દ્વારા માનવીય દુઃખને અપ્રમાણસર રીતે પ્રાપ્ત થાય છે.

તાજેતરના યુદ્ધ પહેલા પેલેસ્ટીની માટે પેલેસ્ટીની મુદ્દો એટલો જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે જેટલો તે દરમ્યાન હતો. એ જ રીતે સુદાનમાં સંઘર્ષ સુદાનના લોકો માટે મહત્ત્વપૂર્ણ છે પછી ભલે ત્યાં આંતરરાષ્ટ્રીય ધ્યાન હોય કે ન હોય. વાસ્તવિકતા એ છે કે, સ્વતંત્રતા અને ન્યાય માટેની તેમની માંગણીઓ પરિવારના સભ્યો, ઘરો અને યુદ્ધના અત્યાચારોના નુકસાનથી ક્યારેય થાકશે નહીં અથવા અટકશે નહીં.

# મુખ્ય શિક્ષકના જિલ્લા બદલી કેમ્પમાં ૭૫ ટકા ખાલી જગ્યા દર્શાવવામાં આવશે

અમદાવાદ, તા.૧

રાજ્યમાં આવેલી પ્રાથમિક સ્કૂલોમાં મુખ્ય શિક્ષકની જિલ્લા ફેર બદલી કેમ્પ છેલ્લા ઘણા સમયથી અટવાયો છે. શિક્ષણ વિભાગ સમક્ષ બદલી કેમ્પને જૂદીજૂદી રજૂઆતો પણ કરવામાં આવી છે. રજૂઆતોના આધારે શિક્ષણ વિભાગ દ્વારા મુખ્ય શિક્ષકોની જિલ્લા ફેરબદલી કેમ્પ માટે નિયામકની કચેરીને પત્ર પાઠવી સૂચના આપી છે. જેમાં મુખ્ય શિક્ષકની બદલીના કેમ્પમાં કુલ ખાલી જગ્યા પૈકીની ૭૫ ટકા જગ્યા દર્શાવવામાં આવશે તેમ જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી પ્રાથમિક સ્કૂલોમાં મુખ્ય શિક્ષકની જિલ્લા ફેરબદલી કેમ્પને લઈને પ્રાથમિક શિક્ષણ નિયામકને પત્ર પાઠવી સૂચનાઓ આપવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોના જિલ્લા ફેરબદલી કેમ્પમાં કુલ ખાલી જગ્યા પૈકીની ૭૫ ટકાની મર્યાદામાં જગ્યા જિલ્લા ફેરબદલીથી ભરવા અંગે ઓફલાઈન કેમ્પનું આયોજન કરવામાં આવે. ઓફલાઈન કેમ્પનો કાર્યક્રમ જાહેર કરી કાર્યવાહી હાથ ધરવા માટે પણ આ પત્રમાં સૂચના આપવામાં આવી છે.પ્રાથમિક શાળાના આચાર્યોના જણાવ્યા મુજબ હાલમાં પ્રાથમિક સ્કૂલોના આચાર્ય એટલે કે મુખ્ય શિક્ષકની જગ્યામાં જે રેશિયો નક્કી કરવામાં આવ્યો છે, તે મુજબ ૧ જગ્યા સીધી ભરતીથી અને ૩ જગ્યા બઢતીથી ભરવાની થાય છે. આ સંજોગોમાં જો ૧૦૦ ટકા જગ્યામાં જિલ્લાફેર બદલી કેમ્પ હાથ ધરવામાં આવે તો પછી રેશિયા મુજબ બઢતી પાત્ર શિક્ષકોને અન્યાય થાય એવી સ્થિતિ છે

# ફકત ઓટોરિક્ષામાં જ ફલેગ મીટર લગાડવાનો કાયદો ભેદભાવયુક્ત હોવા બાબતે હાઈકોર્ટમાં રિટ

અમદાવાદ, તા.૧

અમદાવાદ અને વડોદરા શહેરના ઓટોરિક્ષા યુનિયનો દ્વારા હાઈકોર્ટ ઓફ ગુજરાત ખાતે રિટ પીટીશન દાખલ કરીને ગુજરાત રાજય ખાતે ઓટોરિક્ષામાં લગાવવામાં આવતા ફલેગ મીટર ન લગાડતા કરવામાં આવતા દંડને રદ કરવા અરજી કરવામાં આવી અને આ અરજીમાં રજૂઆત કરવામાં આવી કે ફકત ઓટોરિક્ષામાં જ ફલેગ મીટર લગાડવાનો કાયદો હોય જે ઓટોરિક્ષા ચાલકોના બંધારણીય અધિકાર આર્ટીકલ ૧૪નો ભંગ હોય છે. આ અરજીની આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. વધુમાં કાયદા મુજબ દરેક પ્રકારના પરમિટવાળા ટ્રાન્સપોર્ટ પરમિટવાળા વાહનો જેમાં ટુ વ્હિલર, થ્રી વ્હિલર, ટેકસી મેકસી કેબ, બસ, લકઝરી અને ભારવાહક હેવી વાહનોમાં પણ કિલોમીટર માપવા અલાયદું મીટર હોવું જ જોઈએ જે પ્રજા હિતમાં છે. પરંતુ ફકત ઓટોરિક્ષા ચાલકો ઉપર આ કાયદાની અમલવારી અને દંડ રાજય સરકારની ભેદભાવ ભરી નિતી દર્શાવે છે. કેસની વિગતો મુજબ તોલમાપ વિભાગની માહિતી મુજબ તોલમાપમાં વિભાગ દ્વારા ફકત ઓટોરિક્ષાના જ ફલેગ મીટરની ચકાસણી અને કેલિબ્રેશન કરવામાં આવતું હોય જે દર્શાવે છે કે, આ પ્રકારનો નિયમ ફકત ઓટોરિક્ષા ચાલક ઉપર જ લાગુ કરવામાં આવેલ છે. તેમજ ઓલા, ઉબેર, રેપીડો અને અન્ય આ જ પ્રકારની સેવા આવતી કંપનીઓ દ્વારા પણ મીટરનો ઉપયોગ કરવામાં આવતો નથી જે પણ કાયદાનું ઉલ્લંઘન છે તો તેઓ સામે ફરિયાદ કરતા પણ કોઈ પ્રકારની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવતી નથી ઓટોરિક્ષામાં ફલેગ મીટર લગાવવાનું ફરજિયાત હોય તેમજ ફલેગ મીટર ન લગાવેલા કે બગડેલ હોય તો ઓટો રિક્ષાચાલકો સામે કાર્યવાહી કરવા બાબતે પોલીસ દ્વારા ચેતવણી આપવામાં આવી હોય એ પરત્વે પોલીસને કોઈ પણ પ્રકારની દંડકીય કાર્યવાહી ન કરવા અને આ પ્રકારના દંડને રદ કરવાનામદાર હાઈકોર્ટમાં અરજી કરવામાં આવેલ છે. આ અરજી પહેલા પોલીસ કમિશનર અમદાવાદના દ્વારા જયારે નોટિસ આપવામાં આવી ત્યારે તે બાબતે વાંધા અરજી પણ આપેલ હતી જેમાં એવું આક્ષેપ કરવામાં આવેલ હતું કે પોલીસ દ્વારા કાયદાની સમજ લીધા વગર ફલેગ મીટર કંપનીઓને ફાયદો કરાવવા માટે આ પ્રકારની ચેતવણી આપવામાં આવે છે. જ્યારે કે આ જ બાબતે યુનિયન દ્વારા હાઈકોર્ટમાં ઓટો રિક્ષાના ભાડા, મીટર અને કલર બાબતેના કાયદાઓને પહેલાંથી જ પડકારવામાં આવેલ છે જે બાબતે હાઈકોર્ટ દ્વારા ૨૦૨૦માં જવાબદાર વિભાગોને નોટિસ આપવામાં આવેલ હતી. જે બાબતે આ દિવસ આજ સુધી કોઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. પીટીશનર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ગુજરાત સરકારમાં એ બાબત શરમજનક છે કે નાની નાની બાબતો એ ઓટોરિક્ષા ચાલકોને ન્યાય મેળવવા હાઈકોર્ટનો સહારો લેવો પડે છે.

# ઈન્ફલુઅન્સર માર્કેટિંગની તદન નવી કરિયર, સોશિયલ મીડિયાના વિશ્વમાં પ્રોડક્ટનું પ્રમોશન કરાવીને કરો અઢળક કમાણી

**કંપનીની જરૂરિયાત અને બજેટ પ્રમાણે ઈન્ફલુઅન્સર્સની પસંદગી કરવાની હોય છે. તેમની પાસે નાણાં પ્રમાણે કેટલા વીડિયો, સ્ટોરી, પોસ્ટ વગેરે કરાવવાની મૌખિક કે લેખિત ડીલ કરવાની હોય છે. જો કોઈ ઈવેન્ટ કરવાની જરૂરિયાત ઊભી થાય તો જગ્યાની પસંદગીથી લઈને તમામ વ્યવસ્થા કરવાની હોય છે. એટલે એક પ્રકારે સેલિબ્રિટી મેનેજમેન્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટની સંયુક્ત કામગીરી થઈ જાય છે. કેમ્પેન શરૂ થયા પછી પ્રમોશન માટેનું મટિરીયલ તૈયાર કરાવવું, પ્રોડક્ટને હાઈલાઈટ કેવી રીતે કરવી તેનું આયોજન કરવું, પ્રમોશનની સ્ટ્રેટેજી બનાવવી અને તે પ્રમાણેની જ કામગીરી થાય તે જોવાનું રહે છે. આમ આ ખૂબ જ લાંબી, મહેનત અને દિમાગ માગી લે તેવી કામગીરી છે. તેની સામે કમાણી પણ સારી એવી થાય છે. કંપની અને ઈન્ફલુઅન્સર્સ બન્ને પાસેથી કમિશનરૂપે કમાણી મળે છે. આ ઉપરાંત ઈન્ફલુઅન્સર માર્કેટિંગની કંપની અમુક રકમમાં પ્રોજેક્ટ લઈને ઈન્ફલુઅન્સર પાસેથી કામ કરાવીને નફો કમાઈ શકે છે.**

મિત્રો છેલ્લા કેટલાક અંકો આપણે સોશિયલ મીડિયા અને કોન્ટેન્ટ ક્રિએટર્સની કરિયર બાબતે ફોકસ કર્યા હતા. તેનું કારણ છે કે, છેલ્લા એક દાયકાથી અને ખાસ કરીને છેલ્લા પાંચ વર્ષથી સોશિયલ મીડિયાનો પ્રભાવ લોકોના દિલોદિમાગમાં છે. જે સોશિયલ મીડિયાનો રચનાત્મક અને હકારાત્મક ઉપયોગ કરે તો તેઓ ન્યાલ થઈ ગયાના અઢળક દાખલા છે. આથી તો બાબત જન-જન સુધી પહોંચે તે માટે સોશિયલ મીડિયા અને તેની સાથે સંકળાયેલી બાબતોની જાણકારી આપવી ખૂબ જ જરૂરી છે. તો ચાલો આજે આપણે વાત કરીશું ઈન્ફલુઅન્સર માર્કેટિંગની દુનિયાની. આ કરિયર તદન નવી કરિયર છે. તેનું મુળ પ્લેટફોર્મ એટલે કે માર્કેટિંગની આવડત તો સદીઓ પૂરી છે પરંતુ ઈન્ફલુઅન્સર માર્કેટિંગની દુનિયામાં જો સોશિયલ મીડિયાનો થોડો ઘણો અનુભવ હોય અને માર્કેટમાં તમારા કનેક્શન હોય તો આ દુનિયામાં કરિયર બનાવીને અઢળખ કમાણી કરી શકાય છે. તો ચાલો આજે આપણે વાત કરીશું ઈન્ફલુઅન્સર માર્કેટિંગની.

**ઇન્ફલુઅન્સર માર્કેટિંગ શું છે ?**

પહેલા તો આપણે બે શબ્દો સમજવા પડશે. એક શબ્દ છે ઈન્ફલુઅન્સર અને બીજો શબ્દ છે માર્કેટિંગ. ઈન્ફલુઅન્સર એટલે તો તમને આગળ જણાવ્યું છે કે, જે વ્યક્તિ કે સંસ્થા સોશિયલમીડિયામાં હજારો, લાખ્ખો, કરોડોની સંખ્યામાં સબસક્રાઈબર્સ અને ફોલોઅર્સ ધરાવતા હોય તેમને ઈન્ફલુઅન્સર્સ કહેવાય છે. કારણ કે તેઓ સમાજ ઉપર જબરો પ્રભાવ ધરાવે છે. હવે બ્રાન્ડ અને કંપનીઓ પરંપરાંગત અખબારો, ટીવી ચેનલો કે વેબસાઈટો ઉપર જાહેરાત આપવાના બદલે ઈન્ફલુઅન્સર્સના માધ્યમથી બ્રાન્ડ પ્રમોશન કરાવવામાં માને છે. ઈન્ફલુઅન્સર્સ કરોડો રૂપિયાની કમાણી કરે છે. ઉત્તરાખંડના હલ્દવાનીના સામાન્ય પરિવારનો છોકરડો સૌરભ જોશી, ઝારખંડનો ટ્રક ડ્રાઈવર રાજેશ રવાણી, નાગપુરનો ડોલી ચાવાળો, દિલ્હીની વડાપાવ ગર્લ ચંદ્રિકા દિક્ષીત, હરિયાણાનો પહેલવાન અંકિત બૈયનપુરીયા અને આવા તો બહુ બધા ઉદાહરણ છે કે, ધૂળમાંથી મહેલ સુધી પહોંચી ગયા હોય.

તમે જોતા હશો કે આ લોકો અનેક પ્રકારની બ્રાન્ડ, કંપનીઓ, સેવાઓ અને ઉત્પાદનોનું સીધું કે આડકતરૂ પ્રમોશન કરે છે.૨ હવે તો માત્ર લોકલ જ નહિ પરંતુ રાજય, રાષ્ટ્રીય અનેઆંતરરાષ્ટ્રીય સ્તરની પેઢીઓ સોશિયલ મીડિયાનું પ્રમોશન કેમ્પેન ચલાવે છે. તમને યાદ હોય તો વચ્ચે દક્ષિણ ભારતના એક ગ્રામીણ વિસ્તારના અમુક વ્યક્તિઓ દ્વારા ચલાવવામાં આવતા આદિવાસી હેર ઓઈલનું પ્રમોશન દેશભરના લગભગ તમામ ઈન્ફલુઅન્સર દ્વારા કરાવવામાં આવ્યું હતું. આથી તે દેશભરમાં જાણીતું બની ગયું હતું.

તો આ જે પ્રમોશન કરાવવાનું કામ છે તે એક કંપની કરી શકતી નથી. કારણ કે તેઓ પાસે સોશિયલ મીડિયાની આંટીઘૂંટીઓ, ઈન્ફલુઅન્સર્સની કામ કરવાની સ્ટાઈલ, તેમની ફી, પ્રમોશનથી આવનાર સંભવિત રીસ્પોન્સ, કેવા પ્રકારના ઈન્ફલુઅન્સર પસંદ કરવા, તેમની પાસેથી ડીલીવરેબલ્સ એટલે કે પૈસાની સામે કામ કેવી રીતે લેવું, ઈવેન્ટ ઓર્ગેનાઈઝ કરવી અને છેલ્લે રિઝલ્ટ લાવી આપવા સુધીની સમજ હોતી નથી. આવા તબક્કે ઈન્ફલુઅન્સર માર્કેટિંગની શરૂઆત થાય છે. ઈન્ફલુઅન્સર માર્કેટિંગની કંપનીઓ હોય છે કે




વ્યક્તિગત રીતે વ્યવસાય તરીકે અપનાવી શકો છો. ઈન્ફલુઅન્સર માર્કેટિંગનું કામ કરતા વ્યવસાયિકો ઈન્ફલુઅન્સર અને કંપનીઓ બંન્ને વચ્ચે એક સેતુ સાધીને માર્કેટિંગની કામગીરી કરે છે. ઈન્ફલુઅન્સર્સને કોઈપણ જાતની ઝંઝટ વગર સામેથી પ્રમોશનની કામગીરી મળે છે જ્યારે કંપનીઓને પ્રમોશન માટે ઈન્ફલુઅન્સર્સને શોધવા જવાની જરૂર હોતી નથી. ઈન્ફ્લુઅન્સર્સને સાચવવાની અને કંપની કામગીરી કરી આપવાની તમામ જવાબદારી ઈન્ફલુઅન્સર માર્કેટિંગ કરનારની હોય છે. તેની સામે તેઓને ફી મળે છે અથવા તો કમિશન મળે છે. તો ચાલો આગળના પેરેગ્રાફમાં આપણે જાણીશું કે, ઈન્ફલુઅન્સર માર્કેટિંગની કંપનીની કામગીરી અને કેવી રીતે કમાણી થાય છે.

**ઇન્ફલુઅન્સર માર્કેટિંગની કામગીરી અને કમાણી**

ઈન્ફલુઅન્સર માર્કેટિંગની કામગીરી શું છે તે તો ઉપર આપણે જાણી ગયા પરંતુ ખરેખર કામ કેવી રીતે કરતા હોય છે તેની માહિતી આપીશ. શરૂઆતમાં જ મેં કીધું હતું તેમ સૌ પ્રથમ માર્કેટિંગ અને સોશિયલ મીડિયાનો અનુભવ હોવો જરૂરી છે. જે લોકો ઈન્ફલુઅન્સર માર્કેટિંગની દુનિયામાં સ્થાપિત થઈ ગયા હોય તેઓની પાસે ઈન્ફલુઅન્સર્સની યાદી હોય છે. દરેક પ્રકારનાઈન્ફલુઅન્સર્સ સાથે તેઓ સતત કોન્ટેન્કમાં રહેતા હોય છે. કોનું કામ કેવું છે અને કોનો વીડિયો વધારે ચાલે છે તેની માહિતી તેઓ પાસે હોય છે. તેઓ સોશિયલ મીડિયાની દુનિયામાં કોણ સફળ છે અને કોણ નિષ્ફળ, લેટેસ્ટ અપડેટ સહિતની માહિતી રાખતા હોય છે. આથી તેઓને માર્કેટિંગનું કામ કરાવવાનો આત્મવિશ્વાસ હોય છે. પછી હવે કામ આવે છે ક્લાયન્ટ શોધવાનું. આના માટે પણ ખૂબ જ મહેનત કરવી પડે છે. ઈન્ફલુઅન્સર માર્કેટિંગની દુનિયામાં સમાચાર રાખવા પડે છે કે, કઈ કંપની માર્કેટિંગ અને પ્રમોશનનું કામ કરવવા માંગે છે અને તેની પાસે બજેટ છે. આની માહિતી અખબારોના માધ્યમથી અથવા તો કોન્ટેક્ટથી મળી જાય છે. આથી કંપનીઓનો એપ્રોચ કરવામાં આવે છે. તેમને શું કામગીરી કરવાની છે અને બજેટ કેટલું છે તે જાણીને પછીને પ્રમોશનનું કેમ્પેન લેવામાં આવે છે. આથી કંપનીની જરૂરિયાત અને બજેટ પ્રમાણે ઈન્ફલુઅન્સર્સની પસંદગી કરવાની હોય છે. તેમની પાસે નાણા પ્રમાણે કેટલા વીડિયો, સ્ટોરી, પોસ્ટ વગેરે કરવવાની મૌખિક કે લેખિત ડીલ કરવાની હોય છે. જો કોઈ ઈવેન્ટ કરવાની જરૂરિયાતર ઊભી થાય તો જગ્યાની પસંદગીથી લઈને તમામ વ્યવસ્થા કરવાની હોય છે. એટલે એક પ્રકારે સેલિબ્રિટી મેનેજમેન્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટની સંયુક્ત કામગીરી થઈ જાય છે. કેમ્પેન શરૂ થયા પછી પ્રમોશન માટેનું મટિરીયલ તૈયાર કરાવવું, પ્રોડક્ટને હાઈલાઈટ કેવી રીતે કરવી તેનું આયોજન કરવું, પ્રમોશનની સ્ટ્રેટેજી બનાવવી અને તે પ્રમાણેની જ કામગીરી થાય તે જોવાનું રહે છે. આમ આ ખૂબ જ લાંબી, મહેનત અને દિમાગ માગી લે તેવી કામગીરી છે. તેની સામે કમાણી પણ સારી એવી થાય છે. કંપની અને ઈન્ફલુઅન્સર્સ બન્ને પાસેથી કમિશન રૂપે કમાણી મળે છે. આ ઉપરાંત ઈન્ફલુઅન્સર માર્કેટિંગની કંપની કે વ્યવસાયિક અમુક રકમમાં પ્રોજેક્ટ લઈને ઈન્ફલુઅન્સર પાસેથી કામ કરાવીને નફો કમાઈ શકે છે. આ ઉપરાંત ઘણા રસ્તા છે કે તેના માધ્યમથી જો તમારૂં કામ જામી જાય તો અઢળક કમાણી થાય તેમ છે. અમુક હજાર રૂપિયાથી લઈને લાખ્ખો અને કરોડો રૂપિયાનું બજેટ હોય તેવા અવનવા કેમ્પેન લઈ શકાય છે અને તેના માધ્યમથી કમાણી કરી શકાય છે.

**કોણ કરી શકે અને શરૂઆત કેવી રીતે કરવી ?**

★ જો તમે પોતે ઈન્ફલુઅન્સર હોવ તો તમે પોતે પણ આ કામગીરી કરી શકો છો અથવા તો ઈન્ફલુઅન્સર તરીકે ફુલ ટાઈમ કામગીરી ના કરતા હોય પરંતુ તેનો અનુભવ હોય તો

★ બ્લોગર્સ, કોન્ટેન્ટ ક્રિએટર્સ અને ઈન્ફલુઅન્સર્સ સાથે સારા કોન્ટેક્ટ હોય તો

★ કંપનીઓમાં સારા કોન્ટેક્ટ હોય તો

★ એડવર્ટાઈઝીંગ, માર્કેટિંગ અને ડિજીટલ માર્કેટિંગનો થોડો ઘણો અનુબવ હોય તો

★ કોર્પોરેટ કોમ્યુનિકેશન અને પબ્લિક રીલેશનનો અનુભવ હોય તો

★ ઈન્ફલુઅન્સર માર્કેટિંગની કોઈ કંપનીમાં જોડાઈને કામગીરીનો અનુભવ લઈ શકાય.

★ ઈન્ફલુઅન્સર માર્કેટિંગના કોઈ ખાસ કોર્ષ આવતા નથી પરંતુ અનુભવના આધારે જોડાઈ શકાય

★ શરૂઆતમાં સ્થાનિક કોન્ટેન્કના આધારે નાની પેઢીઓ પાસેથી કામ લઈને અનુભવ અને કમાણી કરી શકાય

★ એક વખત સારા કોન્ટેક્ટસ થાય તો મોટા કોન્ટ્રાક્ટ મેળવી શકાય છે.

★ માર્કેટમાં એક વખત નામ થાય તે પછી કમાણીનો દર વધતો જાય છે. કારણ કે કંપની તમને કામ આપે જ્યારે કામ મેળવવા માટે ઈન્ફલુઅન્સર્સ પણ તત્પર હોય છે.

★ કાયમી કામ મળતું હોવાથી ઈન્ફલુઅન્સર્સ પણ નોર્મલ ક્લાયન્ટ કરતા ખાસ્સી ઓછી ફી ચાર્જ કરતા હોય છે તો તે નફો સુધી તમારા ગજવામાં જઈ શકે અથવા તો ક્લાયન્ટને ડિસ્કાઉન્ટ આપીને આકર્ષી શકાય છે

# વરૂ વસ્તી ગણતરી-૨૦૨૩ મુજબ રાજ્યના ૧૩ જિલ્લામાં અંદાજે ૨૨૨ વરૂ : સૌથી વધુ ૮૦ વરૂ ભાવનગર જિલ્લામાં નોંધાયા

## 'ગીર' ફાઉન્ડેશનના અભ્યાસ મુજબ હાલ રાજ્યના ૧૩ જિલ્લામાં કુલ ૨,૨૧૭.૬૬ ચો. કિમી.ના વિસ્તારમાં વરૂનો વસવાટ : વરૂ પ્રજાતિનું રક્ષણ કરવા 'ગીર' ફાઉન્ડેશન દ્વારા રીમોટ સેન્સીંગ અને જીઆઈએસ જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને નકશાપોથી (એટલાસ) તૈયાર કરાઈ : જે વરૂના મુખ્ય નિવાસસ્થાનો અને તેને જોડતા મહત્વપૂર્ણ કોરિડોરને ઓળખવામાં મદદરૂપ



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

ગુજરાત તેની સમૃદ્ધ જૈવવિવિધતાના કારણે સમગ્ર દેશમાં જાણીતું છે. રાજ્ય સરકાર હર હંમેશ વન્યજીવ અને સમગ્ર પ્રાણીસૃષ્ટીની ચિંતા કરી અને તેમના જતન માટે અનેક પ્રયાસ કર્યા છે. રાજ્યના જંગલોમાં ઘણા દુલર્ભ અને સંવેદનશીલ પ્રાણીઓ જોવા મળે છે, જેમાં ભારતીય વરૂનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં વરૂના સંરક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભૂપેન્દ્ર પટેલ દ્વારા વિવિધ સંરક્ષણલક્ષી પ્રવૃત્તિઓ અમલી બનાવવામાં આવી છે. જેના કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદનું વાતાવરણ છે. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં આ પહેલો વધુ સુદ્રઢ અને મજબુત બની છે. જેના પરિણામે ગુજરાત વન વિભાગે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. મંત્રીઓની આગેવાનીમાં તાજેતરમાં વન વિભાગ અને ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ('ગીર') ફાઉન્ડેશન દ્વારા મહત્વની પહેલ કરવામાં આવી છે. જેના પરિણામ વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં વરુ વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ૧૩ જિલ્લામાં અંદાજે ૨૨૨ વરૂ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ૮૦ વરુ ભાવનગર જિલ્લામાં નોંધાયા છે. જ્યારે ૩૯ નર્મદા જિલ્લામાં, ૩૬ બનાસકાંઠામાં, ૧૮ સુરેન્દ્રનગરમાં, ૧૨-૧૨ જામનગર અને મોરબીમાં તેમજ ૦૯ કચ્છ જિલ્લામાં વરૂ જોવા મળ્યા છે. ઉપરાંત પોરબંદર, મેહસાણા, નવસારી, પાટણ, અરવલ્લી અને સુરત જિલ્લામાં પણ વરુનું અસ્તિત્વ નોંધાયું છે. આ ઉપરાંત 'ગીર' ફાઉન્ડેશન અને ગુજરાત વન વિભાગના સહયોગથી રાજ્યમાં વરૂ માટેના અનુકૂળ આવાસોને દર્શાવતા નકશાઓની એક નકશાપોથી (એટલાસ) - રાજ્યમાં ભારતીય વરૂઓના નિવાસસ્થાનોનો એટલાસ તૈયાર કરવામાં આવ્યો છે. આ એટલાસ ભારતીય વરૂના સંરક્ષણના ચાલુ પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે એક મુખ્ય પ્રજાતિ છે જે પર્યાવરણીય સંતુલન જાળવવા અને કૃષિ ટકાઉપણાને સમર્થન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. 'ગીર' ફાઉન્ડેશન ખાતે ઉપલબ્ધ રીમોટ સેન્સીંગ અને જીઆઈએસ જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલ આ એટલાસ તારીખ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ 'સુ-શાસન'ના દિવસે રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા અને વન મંત્રી અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતમાં વરૂના આવાસોનો એટલાસ વિમોચન કરવામાં આવ્યું છે. 'ગીર' ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવેલા આ એટલાસનો મુખ્ય ઉદ્દેશ રાજયમાં વરૂના અનુકૂળ આવાસોને ઓળખવાનો છે. જેથી જો વરૂના અનુકૂળ આવાસોને સંરક્ષણ માટે પ્રાધાન્ય આપવામાં આવશે તો વરૂનું અને અન્ય વન્યજીવોનું પણ સંરક્ષણ થશે અને પરિણામ સ્વરૂપ વરૂની વસ્તીમાં પણ વધારો થશે. આ અનુકૂળ વિસ્તારો વિષેની વિસ્તૃત માહિતી આ એટલાસમાં ઉપલબ્ધ કરવામાં આવે છે. 'ગીર' ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયેલ અભ્યાસમાં રાજ્યના ૧૩ જીલ્લાઓમાં વરૂની હાજરી અને તેના આવાસોના નકશાઓ તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપલબ્ધ આવાસો અસરકારક સંરક્ષણ વરુના સંરક્ષણ દ્વારા તેની વધતી વસ્તીને અનુકૂળ વિસ્તારો પ્રાપ્ત થઈ શકે.

### વરૂના વસવાટ માટે ગુજરાત આદર્શ નિવાસસ્થાન

ગુજરાતમાં વરૂ મુખ્યત્વે જંગલ તેમજ રણ વિસ્તારોમાં જોવા મળે છે. આ પ્રાણી છૂપાઈવાળા અને વૃક્ષોથી ભરેલા વિસ્તારોમાં વસવાટ કરે છે. આ એટલાસ મુજબ વરૂ માટે અનુકૂળ નિવાસસ્થાનો મુખ્યત્વે ખુલ્લા ઝાડીવાળા વિસ્તારો અને પાણીના સ્ત્રોતોની ઉપલબ્ધતા સાથેના ઘાસના મેદાનોથી બનેલા છે, જે ભારતીય વરૂ માટે આદર્શ નિવાસ સ્થાન છે. આ ઉપરાંત, કચ્છના નાના અને મોટા રણને પણ ભારતીય વરૂ માટે મહત્વના નિવાસસ્થાનો તરીકે ઓળખવામાં આવ્યા છે. સાથોસાથ ભાલ વિસ્તાર, જેમાં વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન અને ધોલેરાનો આસપાસનો પ્રદેશનો સમાવેશ થાય છે, તે બીજું એક મુખ્ય સ્થાન છે જ્યાં વરુ એ કુદરતી શિકારી તરીકે કાળિયારની વસ્તીને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. જ્યારે, નર્મદા જિલ્લાના શૂળપાણેશ્વર અભ્યારણ્યના જંગલો પણ વરૂના વસવાટ માટે પસંદગીનું સ્થળ બન્યું છે. 'ગીર' ફાઉન્ડેશન અને વન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ નકશાપોથી (એટલાસ), તેના મુખ્ય નિવાસ સ્થાનોને જોડતા મહત્વપૂર્ણ 'કોરિડોર'ને ઓળખવામાં પણ મદદરૂપ સાબિત થશે. આ કોરિડોર ભારતીય વરૂની હિલચાલ અને આનુવંશિક વિવિધતા માટે મહત્વપૂર્ણ છે, જે તેના લાંબા ગાળાના અસ્તિત્વ માટે જરૂરી છે. આ એટલાસ ભાવિ સંરક્ષણની વ્યૂહરચનાઓની યોજના બનાવવા અને સુરક્ષાની જરૂરિયાતવાળા વિસ્તારોને પ્રાધાન્ય આપવા માટે એક નિર્ણાયક સાધન તરીકે જરૂરી છે. 'ગીર' ફાઉન્ડેશન આ એટલાસ ગુજરાતમાં ભારતીય વરૂના નિવાસસ્થાનોને અસરકારક રીતે સંચાલિત અને સંરક્ષિત કરવા માટે માર્ગદર્શક સંસાધન તરીકે સેવા આપશે. આ એટલાસ વર્ષોના ક્ષેત્રિય માહિતી, વન વિભાગના સ્ટાફના સતત અવલોકનો, સંશોધન અને સંરક્ષણના કારણ માટે પ્રતિબદ્ધ નિષ્ણાતોના સામૂહિક જ્ઞાનનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઉપરાંત વરૂઓનું જતન તેમજ ખોટી માન્યતાઓને દૂર કરવા વન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ, સંશોધકો, પ્રકૃતિપ્રેમીઓ અને સંરક્ષણવાદીઓને દ્વારા જંગલો, રણ પાસે વસવાટ કરતા નાગરિકોને વરુને બચાવવા અને તેમનું જતન કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

### વરૂની ઓળખ

વરૂ(Wolf)એ પ્રકૃતિમાં પામેલા બુદ્ધિશાળી પ્રાણીઓમાંથી એક છે. આ પ્રાણીનું વૈજ્ઞાનિક નામ "Canis lupus pallipes" છે. વરૂના શરીરનો માપ ૦૩ થી ૦૫ ફૂટ લાંબો અને તેનો વજન ૩૦ થી ૮૦ કિલોગ્રામ સુધી હોય છે. તેના ચોખ્ખા શરીર, ચમકીલી આંખો અને લાંબી પૂંછડી તેને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે. તેની રૂંવાટીમાં ભૂખરો, કાળો, સફેદ અથવા ખાખી જેવા રંગો હોય છે, જે તેને તેના પર્યાવરણમાં છુપાઈ રહેવા સહાય કરે છે. વરૂના સમૂહને "પેક" નામથી ઓળખાય છે. સામાન્ય રીતે એક સમૂહમાં ૦૬ થી ૧૫ વરૂ હોય છે. જેમાં એક આલ્ફા નર અને આલ્ફા માદા જે આખા સમૂહના અગ્રણી હોય છે. તેઓ સાથે શિકાર કરે છે, ખોરાક વહેંચે છે અને પોતાના વિસ્તારનું રક્ષણ કરે છે. વરૂ માત્ર એક શિકારી પ્રાણી નથી, પરંતુ તે પ્રકૃતિના સંગઠનનું એક અનિવાર્ય અંગ છે. તેની બુદ્ધિ, સામાજિક વ્યવસ્થાથી ભજવાતી ભૂમિકા અને પ્રકૃતિમાં તેનું સ્થાન માણસને પ્રકૃતિ સાથેના સંબંધને વધુ ગાઢ બનાવવાની પ્રેરણા આપે છે. ગુજરાતના ઈકોસિસ્ટમમાં વરૂની શિકાર ટેવ અને તેમની તંદુરસ્ત વસ્તી પર્યાવરણના સંતુલન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# કોડીનાર તાલુકાની શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગની ૬૬મી સાધારણ સભા ખેડૂતોમાં ખુશી સાથે શાંતિપૂર્ણ યોજાઈ

## છેલ્લા ૧૦ વર્ષથી બંધ પડેલ બિલેશ્વર ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા આઈપીએલ કંપની દ્વારા કવાયત શરૂ : ૬૫ કરોડ બાકી લેણું ચૂકતે થતા બિલેશ્વર ખાંડ ઉદ્યોગ થયો કરજમુક્ત

## ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવા સહયોગ આપવા બદલ સહકાર મંત્રી અમિતભાઈ શાહ, જીએસસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલ અને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીનો ચેરમેન પી.એસ.ડોડીયાએ સભાસદો વતી આભાર વ્યક્ત કર્યો





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧

કોડીનાર તાલુકાની જીવાદોરી સમાન અને આ તાલુકા ના ખેડૂતોની માતૃસંસ્થા એવી શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગની ૬૬મી વાર્ષિક સાધારણ સભા ખાંડ ઉધોગેના પટ્ટાગણ ચેરમેન પી.એસ.ડોડીયા ની અધ્યક્ષતામાં મળી સભાની શરૂઆત સંસ્થાના એમ.ડી રાજનભાઈ વૈશ એ વાર્ષિક હિસાબો તેમજ અગાઉ ની સાધારણ સભાનું પ્રોશીડિંગ તેમજ ફેકટરીને લીઝ ઉપર આપી શરૂ કરવા સહિતના ફેકટરીને લગતા મુદા વાંચીને કરી જેમાં સભાસદો ના પ્રશ્નોના જવાબોની આપલે થી થઈ જેમાં સભાસદોના પ્રશ્નોના સંતોષ કારક જવાબો આપ્યા હતા.

આ તકે સંસ્થાના એમ. ડી.રાજનભાઈ વૈશે જણાવ્યું હતું કે ગીરના ખેડૂતોની જીવાદોરી સમાન બંધ પડેલી સુગર મીલો પુનઃ શરૂ કરવા ઈન્ડીયન પોટાશ લી. એ કવાયત શરૂ કરી છે ત્યારે છેલ્લા દસ વર્ષથી બંધ પડેલી કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગની ૬૬મી સાધારણ સભાનું આયોજન થયું હતું. ૨૦૧૬થી બંધ પડેલી અને ભારે કરજનાં બોજ નીચે દબાયેલી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ આખરે બોજા મુક્ત થય છે ધી ગુજરાત કો ઓપરેટિંવ બેંકનું ૧૩૧ કરોડ દેવું હતું જે વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ હેઠળ આઈપીએલ દ્વારા ૬૫ કરોડ ચૂકવી ખાંડ ફેકટરીને બોજા મુકત કરવામાં આવી સાથો સાથ કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગના સ્થાનિક દેવા જેવા કે કર્મચારીઓના પાછલા બાકી લેણા, ખેડૂત ભાઈઓના શેરડીના બિલની બાકી રકમો, કર્મચારીઓની ભવિષ્યમાં થનારી ગ્રેજ્યુટીની રકમ વગેરે બાકી રકમ પણ ઈન્ડિયન પોટાશ લી. ચૂકવી આપશે ત્યારે આ સાધારણ સભામાં ખેડૂતોને શેરડી આપી ખાંડ ઉદ્યોગ ફરી બેઠો કરવા આહ્વાન કરવામાં આવ્યું છે. વધુમાં વધુ શેરડીનું વાવેતર કરવા ખેડૂતોને અનુરોધ કરાયો છે અત્યાર સુધીમાં અંદાજે ૬ હજાર એકર જમીન ઉપર શેરડીનું વાવેતર થયાની નોંધ થઈ છે અને હજુ પણ ખેડૂતો વધુ વાવેતર કરે અને તેની નોંધ ખાંડ ઉદ્યોગમાં વહેલા કરાવે તેવી વિનંતી કરવામાં આવી છે. સાધારણ સભામાં આઈપીએલ કંપનીના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા જેઓ વર્ષો બંધ પડેલી ખાંડ ફેકટરીનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ જાન્યુઆરી મહિનાથી ફેકટરીનું રપેરિંગ અને રીનોવેશન કામ શરૂ હાથ ધરશે અને બિલેશ્વર ખાંડ ઉદ્યોગ કોડીનાર આવતા વર્ષે ઓક્ટોમ્બર, નવેમ્બર મહિના આસપાસ શરૂ થવાની આશા સેવાઈ રહી છે જેને લય ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. કોડીનાર શુગર મીલમાં દરરોજ ૩૨૦૦ થી ૪૦૦૦ ટન શેરડીનું પિલાણ કરવામાં આવશે અને સીઝનની કુલ ૪ લાખ ટન શેરડી પિલાણ કરવાનો હાલ પ્રાથમિક અંદાજ લગાવાઈ રહ્યો ત્યારે ગીરના ખેડૂતોમાં ખુશી જોવા મળે છે.

સભાના અંતે ખાંડ ઉદ્યોગના ચેરમેન પી.એસ.ડોડીયાએ જણાવ્યું હતું કે, આપણી આ માતૃસંસ્થાને વહેલી શરૂ કરવી એજ અમારી ડાયરેક્ટર બોડીનું મુખ્ય લક્ષય છે. છેલ્લા ૭૦ વર્ષથી ખેડૂતોના હિતમાં કામ કરતી ઈન્ડિયન પોટાશ લિમિટેડ કંપનીને આપણી ફેકટરી લીઝ ઉપર આપવા માટે કંપની સાથે એલ.ઓ.આઈ થઈ ચૂક્યું છે. ઈન્ડિયન પોટાશ લિ., ન્યુ દિલ્હી દ્વારા આ પ્લાન્ટ ચાલુ કરવાથી સ્થાનિક સારી આવડત ધરાવતા કર્મચારીઓને પણ રોજગારી મળશે, શરૂઆત થીજ ખેડૂતોને શેરડીનો ટેકાનો ભાવ પણ મળશે, શેરડીનું પૂરૂ પેમેન્ટ ખેડૂતના ખાતામાં એક આંકડે સીધું જમા થશે ત્યારે આ વિસ્તારના ખેડૂત ભાઈઓ એ વધુમાં વધું સારી ગુણવત્તા વાળી શેરડીનું વાવેતર કરે તે માટે ગામડેગામડે મીટીંગ કરવી અને શેરડીનું વાવેતર કરાવવું અગાઉથી વાવેતર કરેલી શેરડી કે જેની નોંધ કરાવવાની બાકી છે તેઓ પણ નોંધ કરાવી દે તેમના માટે પણ સ્પેશિયલ ટુકડી ફાળવવામાં આવશે જેથી શેરડીનાં સારા ભાવો મળી શકે તેવો વિશ્વાસ આપી અંતે જો આ ખાંડ ઉદ્યોગ ને પુનઃ જીવિત કરવો હશે તો સર્વે સભાસદો એ ખંભે થી ખંભો મિલાવી નેજ આ ફેકટરીને જીવિત કરી શકાશે અને જ્યારે પણ ઈન્ડિયન પોટાશ લિમિટેડ ન્યુ દિલ્હી ના હાજર અધિકારીઓએ આ ખાંડ ઉદ્યોગ શરૂ થાય ત્યારે સર્વે એ પોતાની નૈતિકતા સમજી સારી ગુણવત્તા વાળી શેરડી વધું માં વધું ફેકટરીને આપવા નોંધ કરેલ તમામ ખેડૂતોની શેરડી ઈન્ડિયન પોટાશ લી ખરીદશે તેઓ વિશ્વાસ આપ્યો હતો જેને સર્વે સભાસદો એ ટેકો આપ્યો હતો અંતે હાજર સર્વે નો આભાર માની સાધારણ સભા પૂર્ણ જાહેર કરી હતી.આ સાધારણ સભા માં કોડીનાર તાલુકા ની સર્વે સહકારી સંસ્થાના આગેવાનો, પદાધિકારીઓ અને તાલુકાભરના અગ્રણીઓ ખેડૂતો અને સભાસદો બોહળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનાર પંથકમાં શેરડીએ મુખ્ય પાક હોય અને તેનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે ત્યારે આ ફેકટરી બંધ રહેવા થી ૭૮ જેટલા ગ્રામ્ય વિસ્તારના ૧૨૦૦૦ સભાસદો, ખેડુતો અને તાલુકાના વેપારીઓ ને દર વર્ષે અંદાજે ૧૫૦ થી ૨૦૦ કરોડ જેટલા ટર્નઓવરનું નુકસાન થાય છે ત્યારે વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ઈન્ડિયન પોટાશ લિમિટેડ ન્યુ દિલ્હીને આ ખાંડ ઉદ્યોગ લીઝ ઉપર આપી કોડીનારની જીવાદોરી ની પૂનઃશરૂ થવાથી તાલુકાભરમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ખાંડ ઉદ્યોગ પુનઃશરૂ થવાનો શ્રેય પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી ને આપું છું : પી.એસ.ડોડીયા ચેરમેન ખાંડ ઉદ્યોગ

ખાંડ ઉદ્યોગના ચેરમેન પી.એસ. ડોડીયાએ સંદેશને જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જીલ્લાની ત્રણેય ખાંડ ઉદ્યોગ છેલ્લા લાંબા સમયથી બંધ પડ્યા છે ત્યારે કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગ પણ બંધ પડી રહેવાથી કોડીનાર તાલુકાને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડે છે તેવા સમયે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીની સૂઝબૂઝથી સરકારમાંથી જરૂરી સહયોગ મેળવી આ સરકાર નોજ એક ભાગ ગણાતી ઈન્ડિયન પોટાશ લિમિટેડને આપણી ખાંડ ફેક્ટરી લીઝ ઉપર લેવા સહમત કરી અને અમારા બોર્ડને પણ સતત માર્ગદર્શન આપી આ ખાંડ ઉદ્યોગને પુનઃ શરૂ કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આનો સંપૂર્ણ શ્રેય હુંને મારૂ બોડ ઓફ ડિરેક્ટર દિનુભાઈને આપીએ છીએ અને તેમનો તેમજ ગૃહ પ્રધાન અમિતભાઈ શાહ, જીએસસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલ અને ધારાસભ્ય ડો. પ્રદ્યુમન વાજાનોનો પણ આભાર માનીએ છીએ.

# લોકપ્રશ્નોનો ઉકેલ લાવવા ગુજરાત સરકાર તત્પર : વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત નાગરિકો મુખ્યમંત્રીને રૂબરૂ મળી શકે છે

## એક વર્ષમાં કુલ ૪૭૯૩ નાગરિકો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળ્યા, ૮૩% ફરિયાદોનું નિવારણ : ફરિયાદોના ઝડપી નિકાલ માટે ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ પદ્ધતિ લાગુ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર નાગરિકોની સેવા માટે સતત કાર્યરત છે. જનતાને કોઈ મુશ્કેલી કે ફરિયાદ હોય તો તેઓ કોઈપણ માધ્યમથી ઉચ્ચ સ્તર સુધી પોતાની વાત રજૂ કરી શકે છે. જનસામાન્યના સશક્તિકરણથી સુશાસનનો દાખલો બેસાડનારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને રૂબરૂ મળીને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમની શરૂઆત કરી હતી, જેના અંતર્ગત અત્યારસુધીમાં ૮૩% ફરિયાદોનો નિકાલ થયો છે.

### વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમ કેવી રીતે કાર્ય કરે છે ?

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ગુજરાતના નાગરિકોને રૂબરૂ મળીને તેમની ફરિયાદોનું અસરકારક અને પારદર્શી નિવારણ લાવવા માટે વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમની શરૂઆત કરી હતી. આ સિસ્ટમ અંતર્ગત મુખ્યમંત્રી અઠવાડિયાના પ્રથમ બે દિવસ- સોમવાર અને મંગળવારે અરજદારો સાથે રૂબરૂ મુલાકાત કરે છે. મુલાકાત માટે આવતા તમામ નાગરિકોનું સૌ પ્રથમ વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમ પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. ત્યારબાદ તેમની રજૂઆતોને ફરિયાદ અને શુભેચ્છા એમ બે કેટેગરીમાં વિભાજિત કરવામાં આવે છે. શુભેચ્છા કેટેગરીના નાગરિકોને મુખ્યમંત્રીને રૂબરૂ મળવાનો પાસ ઈશ્યુ કરવામાં આવે છે, જ્યારે ફરિયાદ કેટેગરીના નાગરિકોની રજૂઆતને મુખ્યમંત્રીના કાર્યાલયના અધિકારીશ્રી દ્વારા વિગતવાર સાંભળી બ્રીફ નોટ તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ પાસ ઈશ્યુ કરી મુખ્યમંત્રી સમક્ષ રૂબરૂ મોકલવામાં આવે છે. મુખ્યમંત્રી અરજદારની રજૂઆત સમજીને સંબંધિતોને કડક તાકીદ કરી પ્રશ્નનું નિરાકરણ કરવા સૂચના આપે છે. આ માટે સંલગ્ન કચેરી/ વિભાગો સાથે સતત ફોલો-અપ તેમજ મોનિટરિંગ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, વિઝિટર કાર્યક્રમને વધુ સંવેદનશીલ અને અસરકારક બનાવવા તેમજ નાગરિકોની રજૂઆતો/ ફરિયાદોનું સમયમર્યાદામાં ગુણાત્મક નિરાકરણ માટે ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ પદ્ધતિ પણ લાગુ કરવામાં આવેલ છે.

### વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત અત્યારસુધીમાં ૮૩% ફરિયાદોનું નિરાકરણ થયું

વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત વર્ષ ૨૦૨૩થી અત્યારસુધીમાં કુલ ૪૭૯૩ નાગરિકો મુખ્યમંત્રીને રૂબરૂ મળ્યા છે, જે પૈકી ૩૧૦૩ અરજદારો ફરિયાદ/રજૂઆત કેટેગરી અંતર્ગત તેમજ ૧૬૯૦ મુલાકાતીઓ શુભેચ્છા કેટેગરી અંતર્ગત મળ્યા છે. મુખ્યમંત્રીને રૂબરૂ મળેલા કુલ ૪૭૯૩ અરજદારો પૈકી હાલમાં ૮૩ ટકા અરજદારોની ફરિયાદોનું નિવારણ થયેલ છે.

### ફરિયાદોની ગંભીરતાના આધારે ૩ ચેનલમાં વર્ગીકરણ

વિઝિટર મેનેજમેન્ટ સિસ્ટમમાં અરજદારો દ્વારા કરવામાં આવતી રજૂઆતો/ ફરિયાદોની ગંભીરતા અથવા જટિલતાના આધારે GREEN, YELLOW અને RED ચેનલમાં વર્ગીકરણ કરવામાં આવે છે. અરજદારે કરેલ રજૂઆતો કે ફરિયાદોની ગંભીરતાને ધ્યાને લઈને તેમજ ઝડપથી નિકાલ થાય તે હેતુથી સીએમડેસ્ક, લોકફરિયાદ તેમજ તાલુકા/જિલ્લા સ્વાગતમાં એન્ટ્રી કરવામાં આવે છે.

### MP-MLA સેલ હેઠળ ૯૩% ફરિયાદોનો નિકાલ

વહીવટી ફરિયાદોનું પદ્ધતિસર નિવારણ લાવવામાં મુખ્યમંત્રીના કાર્યાલય ખાતે કાર્યરત MP-MLA યુનિટ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાંસદસભ્યો અને ધારાસભ્યોના મતવિસ્તારની તેમજ જાહેર વહીવટને લગતી વિવિધ રજૂઆતો અને ફરિયાદોને ધ્યાનમાં રાખીને MP-MLA સેલની વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્યમંત્રી આ સેલની કામગીરીનું સીધું નિરીક્ષણ કરે છે. MP-MLA સેલ હેઠળ સાંસદસભ્યો અને ધારાસભ્યો દ્વારા વર્તમાન ૧૫મી વિધાનસભામાં અત્યારસુધીના સમયગાળામાં કુલ ૧૪,૫૦૦ જેટલી રજૂઆત કરવામાં આવી છે, જે પૈકી ૯૩% રજૂઆતોનો નિકાલ કરવામાં આવ્યો છે. MP-MLA યુનિટની સ્થાપના થયા બાદ જનપ્રતિનિધિઓ અને વહીવટી પાંખ વચ્ચે કોમ્યુનિકેશન વધુ સારું બન્યું છે, જેથી વિકાસના કામો ઝડપી થયા છે.

# ખંભાળિયામાં લોહાણા મહિલા મિત્ર મંડળ દ્વારા વસાણા હરીફાઈ યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયામાં લોહાણા મહિલા મિત્ર મંડળ દ્વારા નવી લોહાણા મહાજન વાડી ખાતે શિયાળુ સ્પેશિયલ વસાણા વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે તુલસી માતાનું પૂજન અને આરતીનું પણ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નગરપાલિકા પ્રમુખના રચનાબેન મોટાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રચનાબેને મહિલાઓને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સાથે કાર્યકર્તા મહિલાઓને બિરદાવી હતી. આ અનોખા કાર્યક્રમમાં ૩૦ થી વધુ રઘુવંશી મહિલાઓ દ્વારા ૪૫ થી વધારે વિવિધ શિયાળુ વાનગીઓ બનાવવામાં આવી. જે ખૂબ જ આકર્ષણરૂપ બની રહી હતી. તુલસી માતાના પૂજન અને આરતી સાથે ધાર્મિક ભાવને જીવંત કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમે હેતલબેન પાઉ, દ્વિતીય બંસીબેન રાજાણી અને તૃતીય વૈશાલીબેન પોપટને મેડલ તેમજ સર્ટિફિકેટ સાથે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ મહિલાઓને લોહાણા મહિલા મિત્ર મંડળ તેમજ પારૂલબેન પાબારી, ધર્માબેન કાનાણી, હર્ષાબેન કાનાણી ,નીતાબેન બદિયાણી તેમજ વૈશાલીબેન કાનાણી તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી. સમગ્ર ટીમ તરફથી ભાગ લેનાર તમામ રઘુવંશી મહિલાઓ તેમજ નિર્ણાયક તરીકે સેવા આપનારનો આભાર માનવામાં આવ્યો હતો. આ આયોજન મહિલાઓમાં ઉત્સાહ અને પરિશ્રમથી યાદગાર બની રહ્યું હતું.

# રાજ્યમાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૪ માં ડેન્ગ્યુના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો

**વર્ષ ૨૦૨૩ માં ૪.૭% સીરો પોઝિટિવિટી રેટની સામે વર્ષ ૨૦૨૪માં પોઝિટીવિટી દર ૩.૫% રહ્યો : હાઉસ ટુ હાઉસ ફીવર સર્વે, એન્ટીલાર્વલ એક્ટીવીટીઝ જેવી કામગીરીને ઝુંબેશ રૂપે લઈ ત્રણ રાઉન્ડ એપ્રિલ, મે અને સપ્ટેમ્બર માસ દરમ્યાન રાજ્યની અનુક્રમે ૮૬%, ૮૯% અને ૯૨% વસ્તીને આવરી લેવાઈ : રાજ્યના ૧૧૩૯ સ્પેશ્યાલીસ્ટને ''ક્લીનીકલ મેનેજમેન્ટ ઓફ ડેન્ગ્યુ'' અંગેની તાલીમ અપાઈ**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧

ચોમાસા અને શિયાળાની ઋતુ દરમ્યાન ઋતુજન્ય અને પાણીજન્ય વિવિધ રોગોનું પ્રમાણ જોવા મળતું હોય છે. તેમાં પણ ડેન્ગ્યુના કેસ પણ મહદઅંશે સમગ્ર રાજ્યમાં જોવા મળે છે. રાજ્ય સરકારે આ વર્ષ પ્રો-એક્ટિવ અભિગમ દાખવીને ચોમાસાની ઋતુ પૂર્ણ થતા જ તકેદારીના પગલે સિરમ સેમ્પલ ટેસ્ટીંગમાં મોટી સંખ્યામાં વધારો કર્યો. જનજાગૃતિ અને સઘન સારવારના પરિણામે આ વર્ષે ડેન્ગ્યુના કેસમાં સકારાત્મક પરિણામ પણ જોવા મળ્યાં. વર્ષ ૨૦૨૩ માં ૧,૪૯,૮૪૪ સીરમ સેમ્પલ ડેન્ગ્યુના નિદાન માટે લેવામાં આવેલ હતા તે પૈકી ૭,૦૮૮ ડેન્ગ્યુના પોઝિટિવ કેસો માલુમ પડ્યા હતા. એટલે કે સીરો પોઝિટીવિટી દર ૪.૭% રહ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૪ દરમ્યાન ૨,૨૧,૩૫૮ સેમ્પલ ડેન્ગ્યુના નિદાન માટે લેવામાં આવ્યા. તે પૈકી ૭,૮૨૦ ડેન્ગ્યુના કેસો પોઝિટિવ માલૂમ પડ્યા. જે દર્શાવે છે કે વર્ષ ૨૦૨૪ માં ડેન્ગ્યુનો પોઝિટીવિટી દર ૩.૫% રહ્યો. આ વર્ષે ડેન્ગ્યુના ત્વરિત નિદાન માટે ડેન્ગ્યુ NS૧ પ્રકારની ૧૭૦૦ કીટ એટલે કે ૧,૬૩,૨૦૦ ટેસ્ટ રાજ્ય સરકાર દ્વારા ખરીદ કરી નિદાન કેન્દ્રોને પુરી પાડવામાં આવી. તદ ઉપરાંત ભારત સરકાર તરફથી પ્રાપ્ત ૬૧૧ ડેન્ગ્યુ IGM કીટ (૫૮૬૫૬ ટેસ્ટ) નિદાન કેન્દ્રોને ફાળવવામાં આવી હતી. રાજ્યના તમામ જીલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારમાં અઠવાડીક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવે છે. હાઉસ ટુ હાઉસ ફીવર સર્વે, એન્ટીલાર્વલ એક્ટીવીટીઝ તથા પ્રચાર પ્રસારની કામગીરીના ત્રણ રાઉન્ડ એપ્રિલ, મે અને સપ્ટેમ્બર માસ દરમ્યાન ઝુંબેશ રૂપે હાથ ધરી રાજ્યની અનુક્રમે ૮૬%, ૮૯% અને ૯૨% વસ્તીને આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ચોમાસાની ઋતુ દરમ્યાન સંવેદનશીલ વિસ્તારોમાં ૨૪૬૦ માણસોની ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમે રોગ સર્વેક્ષણ અને પોરાનાશક સઘન કામગીરી હાથ ધરાઈ હતી. રાજ્યમાં ૪૭ થી ૫૧માં અઠવાડીયા દરમ્યાન ડેન્ગ્યુ કેસમાં સતત ઘટાડો નોંધાયેલ છે તથા ૫૦ અને ૫૧ મા અઠવાડીયા દરમ્યાન વર્ષ ૨૦૨૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૪ માં ડેન્ગ્યુ કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રાજ્યના ૧૧૩૯ સ્પેશ્યાલીસ્ટને ''ક્લીનીકલ મેનેજમેન્ટ ઓફ ડેન્ગ્યુ'' અંગેની તાલીમ આપવામાં આવી છે. ડેન્ગ્યુ માટે રાજ્યમાં કયા પ્રકારનો વાયરસ સંક્રમિત છે, તે જાણવા માટે સીરમ સેમ્પલ તથા મોસ્કીટો બી. જે. મેડિકલ કોલેજ તથા GBRC ગાંધીનગર ખાતે મોકલી સીરોટાઈપ નક્કી કરવામાં આવે છે. અને તેના પરિણામો પ્રમાણે રોગ અટકાયત અને નિયંત્રણ કામગીરીનું આયોજન અને અમલીકરણ કરવામાં આવેલ છે. રોગના નિયંત્રણ માટે જરૂરી તમામ લાર્વીસાઈડ, એડલ્ટીસાઈડ વગેરે પૂરતા પ્રમાણમાં સમયસર તમામ કક્ષાએ ઉપલબ્ધ કરાવેલ છે.

# માંગરોળ નગરપાલીકા દ્વારા હવે કયાં વિસ્તારમાં ડીમોલેશન થશે ?



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧

માંગરોળ નગરપાલિકાએ ડીમોલિશનની કાર્યવાહી હાથ ધરી ટાવર ગાર્ડનની બહાર રોડ ટચ એવી કરોડોની કિંમતની ૭૦૦થી ૮૦૦ વાર જગ્યા ખુલ્લી કરી હતી. કેબિનધારકોએ પોતાની કેબિનો સ્વેચ્છાએ હટાવી લીધા બાદ પાકા ઓટલા તોડી પાડવામાં આવ્યા હતા. હજુ પણ આગામી દિવસોમાં અનેક વિસ્તારોમાં આ કામગીરી ચાલુ રહેશે તેમ ચિફ ઓફીસરે જણાવ્યું હતું. થોડા દિવસો પહેલા શહેરમાં ન.પા. દ્વારા દુકાનોના છાપરા, બોર્ડ, હોર્ડિંગસ દુર કરવાની કાર્યવાહી હાથ ધરાયા બાદ દબાણ હટાવવાની કામગીરીને કોઈ કારણોસર ઓચિંતી બ્રેક લાગી જવા પામી હતી. દરમ્યાન ટુંકા વિરામ પછી આજે બપોર બાદ પોલીસ બંદોબસ્ત સાથે ન.પા. ચિફ ઓફીસર તથા સ્ટાફે ટાવરની બહારના ભાગે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરતા કુતુહલવશ લોકો એકત્ર થયા હતા.

અહીં ૧૦ થી ૧૨ જેટલા કેબિનધારકોને અગાઉ નોટીસ અપાઈ હતી. જેથી ધંધાર્થીઓએ સ્વેચ્છાએ કેબિનો હટાવી લીધી હતી. જ્યારે પાકા ઓટલા આજે જેસીબીની મદદથી તોડી પડાયા હતા. અહીં ઠરાવવાળા કેબિનધારકોને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવી હોવાનું ન.પા. સૂત્રોએ જણાવ્યું હતું. ન.પા. હદ વિસ્તારમાં જેટલી જગ્યા ખુલ્લી થશે તેની ફરતે ફેન્સિંગ કરી નગરપાલિકાના કબ્જામાં લેવામાં આવશે તેમ વધુમાં ચિફ ઓફીસરે જણાવ્યું હતું. ન.પા. દ્વારા દબાણો હટાવવાની કાર્યવાહીની શરૂઆત થઈ છે ત્યારે હવે પછી કયા વિસ્તારમાં જેસીબી ધણધણશે ? તેની ચર્ચાઓ ઉઠી છે.

# ગીર-સોમનાથ જીલ્લા કોંગ્રેસ દ્વારા ત્રિવેણી સંગમ ઘાટ ખાતે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના મોક્ષાર્થે તર્પણ વીધી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૧

ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ મનમોહન સિંહજીના આત્માને મોક્ષાર્થે ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ પાસે આવેલ પવિત્ર ત્રિવેણી સંગમ ઘાટ ખાતે શ્રદ્ધાંજલિ અને તર્પણ વિધિ કરાવી હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કરશનભાઈ બારડ દ્વારા ત્રિવેણી સંગમ ખાતે મુંડન કરી વિદ્વાન સોમપુરા બ્રાહ્મણ કીર્તિ દેવ શાસ્ત્રી દ્વારા પારંપરિક વિધિ મુજબ તર્પણ વિધિ સંપન્ન કરેલ હતી. તર્પણ વિધિ સમયે પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ હીરાભાઈ જોટવા, સોમનાથ મંદિરના ટ્રસ્ટી પ્રો. પરમાર, બાર એસોસિએશન પ્રમુખ એડવોકેટ સવાણીયા, કે.સી. ઉપાધ્યાય, રાકેશભાઈ ચુડાસમા, દેવાયતભાઈ મેર, પિન્ટુ બારડ, પ્રતાપભાઈ જાદવ, મનસુખભાઈ ગોહિલ, હીરાભાઈ રામ, રામશીભાઈ પરમાર, પ્રવીણભાઈ ઝાલા, અજીતભાઈ ડોડીયા, શૈલેષભાઈ મોરી, જાદવભાઈ સોલંકી, સુભાષભાઈ, દેવાયતભાઈ મેર, દેવાયતભાઈ ભગત, નારણભાઈ મેર, હારૂભાઈ મોથીયા, ઈશાભાઈ, ફારૂકભાઈ, કાજલબેન લાખાણી, ખીમજીભાઈ બારડ, હર્ષલભાઈ ઋષિ, ગીરધરભાઈ સહિત ગીર સોમનાથ જિલ્લાના આગેવાનો, કાર્યકરો અને સામાન્ય નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહી શ્રદ્ધાંજલિ પાઠવેલ હતી.

## પ્રભાસ-પાટણ પોલીસની પ્રસંશનીય કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૧

સોમનાથ મંદિર આવેલા દર્શનાર્થી પ્રબિર કુમાર જેવો કડગપુરથી આવેલા હતા. જેમના પત્ની મંદિરમાં અલગ પડી ગયા હતા ત્યારબાદ પ્રબીર કુમાર પોતાનું માનસિક સંતુલન ખોઈ બેઠા હતા અને તેઓ પોલીસ પાસે આવી અને પોતાની પત્ની જો નહીં મળે તો પોતે આત્મહત્યા કરી લેશે જેવો બકવાટ તેઓને ઉપડી ગયો હતો. બાદમાં મહિલા હેડ કોન્સ્ટેબલ ભાવનાબેન કસોટ તેઓને મંદિર પીએસઆઈ ભુવાને જાણ કરી અને બાદમાં મંદિરની બધી પોલીસ દ્વારા તેઓની ચાર કલાક સુધી શોધખોળ કરી તેઓના પત્ની સાથે સુખદ મિલન કરાવી આપેલ હતું. જે આવી ભીડમાં પણ પોલીસની સરાહનીય કામગીરી બિરદાવા લાયક છે.

# પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને કલરફુલ સેવંતીના ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)
સાળંગપુર તા.૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તે તા.૧-૧-૨૦૨૫નને બુધવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને કલરફુલ સેવંતીના મિક્સ ફુલોનો દિવ્ય શણગાર કરાયો છે. આજે સવારે ૫:૪૫ કલાકે શણગાર પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે કલરફુલ સેવંતીના ફુલોનો દિવ્ય શણગાર કરાયો છે. દાદાને સિલ્કના વાઘા ફુલની ડિઝાઈન અને જરદોશી વર્ક કરાયું છે. આજે ૨૦૨૫ વર્ષ પ્રારંભે આખું મંદિર પરિસર દાદાના ભક્તોથી હકડેઠઠ ભરાઈ ગયું હતું. મોટી સંખ્યામાં હરિભક્તોએ મહાપ્રસાદ તેમજ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. સાથોસાથ મંદિરની યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૪થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ કલાક દરમ્યાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે.


# ગુજરાત પોલીસમાં ફરજરત વધુ ૨૪૦ એએસઆઈને પીએસઆઇ તરીકે બઢતી

**વર્ષ ૨૦૨૪માં ૩૪૧ પી.એસ.આઈ, ૩૯૭ એ.એસ.આઈ, ૨૪૪૫ હેડ કોન્સ્ટેબલ અને ૩૩૫૬ પોલીસ કોન્સ્ટેબલ ઉપરાંત ૨૩૧ ક્લેરીકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી આપવા લેવાયા અભૂતપૂર્વ પગલાં : સમયસર બઢતી થતા પોલીસ કર્મચારીઓમાં આનંદનો માહોલ, તેઓ હવે વધુ સમર્પણભાવે ફરજ બજાવવા પ્રેરિત થશે**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧

ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતા પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થયો છે. ગઈ કાલે તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વધુ ૨૪૦ એએસઆઈ ખાતાકીય બઢતી પરીક્ષા ઉતીર્ણ થતાં તેમને બઢતી આપવામાં આવી છે. ચાલુ વર્ષે પી.એસ.આઈ થી લઈને કલેરિકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાતા પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે. કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, ઉપરાંત કર્મચારીની બઢતી સમગ્ર પરિવારને પણ સ્પર્શતો મુદ્દો છે. તેથી રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા આ બાબતને ખુબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને તેઓ વધુ સમર્પણભાવે ફરજ બજાવવા માટે પ્રેરાયા છે. વર્ષ-૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૪૧ પી.એસ.આઈને પી.આઈ, ૩૯૭ એ.એસ.આઈને પી.એસ.આઈ, ૨૪૪૫ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૩૩૫૬ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૩૧ ક્લેરીકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના મજબૂત નેતૃત્વ હેઠળ પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, ત્યારે પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હકને સમ્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે.

# ખંભાળિયા પંથકની પરિણીતા પુત્રી સાથે લાપતા : પોલીસ તપાસ





(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૩૧

ખંભાળિયા તાલુકાના સલાયા નજીકના સોડસલા ગામે રહેતા મનસુખભાઈ બાબુભાઈ ઝિંઝુવાડીયા નામના ૩૫ વર્ષના યુવાનના પત્ની પૂજાબેન (ઉ.વ. ૨૭) ગત તારીખ ૨૫ ડિસેમ્બરથી તેમની દવા લેવા માટે જવાનું કહીને લાપતા બન્યા છે. ગુમ થનાર પૂજાબેન તેમની પાંચ વર્ષની પુત્રી ખુશ્બુ સાથે ઘરેથી ગયા બાદ આજ દિન સુધી પરત ન ફરતા આ અંગે મહિલાના પતિ મનસુખભાઈ ઝીંઝુવાડીયાએ સલાયા મરીન પોલીસ મથકમાં ગુમ નોંધ કરાવી છે. ગુમ થનાર પૂજાબેન મજબૂત બાંધાના અને ઘઉંવર્ણા છે. તેઓએ કથ્થાઈ કલરનો પંજાબી ડ્રેસ પહેરેલો છે. પાંચ ફૂટ ચાર ઈંચની ઊંચાઈ ધરાવતા પૂજાબેન ગુજરાતી તેમજ હિન્દી ભાષા જાણે છે. તેમની સાથે રહેલી પુત્રી ખુશ્બુએ પીળા કલરનું સ્વેટર તેમજ બ્લુ કલરનો ડ્રેસ પહેર્યો છે. ઉપરોક્ત મહિલા-પુત્રીનો પતો મળ્યે સલાયા મરીન પોલીસ મથકના ફોન નંબર ૦૨૮૩૩-૨૮૫૩૩૮ અથવા તપાસનીસ એ.એસ.આઈ. બોઘાભાઈ કેસરિયાના મોબાઈલ નંબર ૯૭૨૪૪૧૬૪૪૪ ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.


હિન્દુજા હાઉસીંગ ફાઈનાન્સ

રજીસ્ટર ઓફિસ : નં. ૨૭/એ ડેવલોપ ઈન્ડ્રસ્ટીયલ એસ્ટેટ, ગ્વીનડી, ચેન્નાઈ-૬૦૦૦૩૨
હેડ ઓફિસ : નં. ૧૬૭/૧૬૯ બીજો માળ, અન્નાસલાઈ, શહીદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે મેસેર્સ હિન્દુજા હાઉસીંગ ફાઈનાન્સ લી. દ્વારા આથી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે જેમાં અમારી નીચે દર્શાવ્યા મુજબની બ્રાંચ ઓફીસનું સ્થળાંતર કરાતા તેનું નવું એડ્રેસ નીચે મુજબ છે.
જુની બ્રાંચનું સરનામું : ત્રીજો માળ, અંકુર કોમ્પલેક્ષ, મોટી ટાંકી ચોક, રાજકોટ
તમામ પ્રવર્તમાન ઉપભોગતાઓને આથી વિનંતી કરવામાં આવે છે કે તેઓ અમારી નવી બ્રાંચનાં સરનામા પર મુલાકાત/સંપર્ક કરે : ૩૦૨/૩૦૩, નક્ષત્ર-૩, ૧૫૦ ફુટ રીંગરોડ, રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧. આ સંદર્ભમાં જો કોઈ અગવડતા પડી હોય તો અમે ખુબ જ દીલગીર છીએ.
કંપની સેક્રેટરી
ચેન્નાઈ-સીઓ


## ગડુ નજીક પશુ સાથે બાઈક અથડાતા એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧

સોમનાથ-જેતપુર હાઈવે પર ગડુ નજીક બાઈક પશુ સાથે અથડાતા એકનું મોત જયારે એકને ઈજાઓ પહોંચ્યાનું ચોરવાડ પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે મનોજભાઈ મેઘજીભાઈ મોતીવરસે જાહેર કરેલ કે બે દિવસ અગાઉ સાંજના સમયે પોતાનો મૃતક પુત્ર અજય પોતાની મોટર સાયકલ નં.જીજે-૩૨-એ-૪૮૮૦ લઈને જતો હોય દરમ્યાન પશુ સાથે મોટર સાયકલ અથડાતા અજયનું મોત નિપજેલ જયારે આકાશને નાની મોટી ઈજાઓ થયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ખંભાળિયામાં થર્ટી ફર્સ્ટ સંદર્ભે પોલીસ દ્વારા સઘન ચેકિંગ : પીધેલા શખ્સો સામે કાર્યવાહી



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયા પંથકમાં ઈસુના નવા વર્ષને અનુલક્ષીને ગઈકાલે થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના રોજ પોલીસ તંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં વ્યાપક ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ હાલ નાતાલ તેમજ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના તહેવારોને અનુલક્ષીને સઘન કોમ્બિંગ તેમજ ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ તેમજ પી.આઈ. સરવૈયાની ટીમ દ્વારા અહીંના નગર ગેઈટ, ચાર રસ્તા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ જુદી જુદી ટુકડીઓ દ્વારા આ કામગીરી કરાઈ હતી.

આ કામગીરીમાં વાહનોના ચેકિંગ તેમજ બાઈક ઉપર નીકળેલા લોકોના બ્રેથ એનેલાઈઝરની મદદથી તપાસ સહિતની કામગીરી કરવામાં આવતા નશાબાજ તત્વોમાં ફફડાટની લાગણી જોવા મળી હતી. આ કામગીરીમાં પોલીસ દ્વારા વિવિધ મુદ્દે ગુનાઓ પણ નોંધવામાં આવ્યા હતા.

# સલાયાના દર્દીની વહારે આવ્યા શહેર ભાજપ પ્રમુખ : ઈમરજન્સી માટે આયુષ્યમાન કાર્ડ કઢાવી આપ્યું



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા સામાન્ય પરિવારના મનસુખભાઈ મિસ્ત્રીને થોડા સમય પહેલા ઉપરથી પડી જવાથી પગમાં ઈજાઓ થઈ હતી. જે ઈજાઓમાં રાહત ના મળતા તેમને તુરંત ઓપરેશન કરાવવાની ફરજ પડી હતી. આ માટે તેમની પાસે આયુષ્યમાન કાર્ડ ન હોવાથી અને કઢાવવામાં તેમને મુશ્કેલી પડતી હોય, એમના દ્વારા સલાયા શહેર ભાજપ પ્રમુખ લાલજીભાઈ ભૂવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી લાલજીભાઈ દ્વારા પુનીતભાઈ ભટ્ટની મદદ લઈને તુરંત મનસુખભાઈને ઓનલાઈન આયુષ્યમાન કાર્ડ કઢાવી અને ઓપરેશન માટે જરૂરી મદદ કરવામાં આવી છે. લાલજીભાઈની આ કામગીરીની દર્દી પરિવાર તેમજ સલાયામાં પ્રશંસાપાત્ર બની રહી હતી.


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિવિધ કાર્ય**

ઈ-ટેન્ડર નોટિસ નં. ૩૪ વર્ષ 2024-25 તા. 30/12/2024; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કંપાઉન્ડ, રાજકોટ, ગુજરાત-360001; વેબસાઈટ: www.ireps.gov.in (01) ઈ-ટેન્ડર નં. DRM-RJT-2024-25-E-68R; કામનું નામ: રાજકોટ ડિવિઝન : વિરમગામ-ઓખા સેક્શન માં LC નં. 28, 31, 69, 74, 82, 90, 136, 147, 201, 202, 236, 289, 304, 305 અને 306, રાજકોટ-ભક્તિનગર સેક્શન માં LC નં. 4 અને મકનસર-મોરબી સેક્શન માં LC નં. 31 LC ગેટ્સ ના 17 નં પર IPS ની જોગવાઈ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટ્સ નું વિશ્વસનીયતા સુધારણાના સંબંધ માં એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રિક અને T R D કામ; અંદાજીત એનઆઈટી ખર્ચ: ₹ 1,73,21,680.55; અર્નેસ્ટ મની: ₹ 2,36,600.00; ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 23/01/2025 ના 15:00 કલાકે. 142

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**ટેન્ડર દસ્તાવેજ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલ્વે નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: ઈ-ટેન્ડર નંબર: BVPW-2023-24-RSP-02. કામનું નામ:- કાર્યક્ષેત્ર મુજબ ભાવનગર વર્કશોપમાં ICF કોચનું કેમ્પિંગ કોચમાં રૂપાંતર. કામની અંદાજિત કિંમત: ₹ 9,28,21,694.67/- બિડ સિક્યોરિટી: ₹ 6,14,100/- ટેન્ડર દસ્તાવેજ ફી: ₹ 0.00/- ટેન્ડર ઓફરની વેલિડિટી: 60 દિવસ. કાર્ય પૂર્ણ કરવાની અવધિ: LOA જારી થયાની તારીખથી 24 મહિના. ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: 20/01/2025, 15:00 કલાક. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 20/01/2025, 15:30 કલાક; ઈસ્યુ કરનાર: ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003 પશ્ચિમ રેલ્વે. મહત્વપૂર્ણ નોંધ: https://www.ireps.gov.in પર ટેન્ડર માત્ર ઇલેક્ટ્રોનિકલી સબમિટ કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઓફરને મંજૂરી આપવામાં આવશે નહીં, અને આ ઓફિસમાં મળેલી આવી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. 164

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## ૨૦૨૪નું વર્ષ કષ્ટદાયક રહ્યું પ્રજાની સમસ્યાનો કોઈ ઉકેલ ન આવ્યો

# આજથી શરૂ થયેલું ખ્રિસ્તી નવુ વર્ષ જૂનાગઢવાસીઓ માટે અત્યંત મહત્વનું પુરવાર થશે

### શહેરનાં માર્ગોનાં કામો ઝડપભેર પૂર્ણ કરવાનો પડકાર તેમજ નરસિંહ મહેતા સરોવર અને ઓવરબ્રીજની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તેવો આશાવાદ

જૂનાગઢ તા. ૧

જૂનાગઢ શહેરનાં રહેવાસીઓ માટે આજથી શરૂ થતું ૨૦૨૫નું ખ્રિસ્તી નવું વર્ષ નવી આશા-ઉમંગ અને વિકાસની કૂચ કરનારૂ બની રહે તેવા નિર્દેશો મળી રહયા છે. આ શહેરનો સંપૂર્ણ વિકાસ થાય અને અન્ય શહેરોની માફક આપણું જૂનાગઢ વિકાસની ટોચ પર પહોંચે તેવી લાગણી અને આસ્થાઓ ઘણા લાંબા સમય થયા જૂનાગઢવાસીઓનાં હૈયે રહેલી છે. અને નવા વર્ષનું આગમન જયારે શરૂ થયું છે ત્યારે આ વર્ષ ખુબ જ આશા જગાવનારૂ બની ગયું છે. આ સાથે જ કોર્પોરેશનની ચુંટણી નજીકનાં સમયમાં આવી રહી હોય ફરી એકવાર લોકો નવા લોકસેવકોને ચુંટી કાઢવા સજજ બની ગયા છે. અને આ શહેરનો સર્વાંગી વિકાસ કરી શકે તેવા મજબુત હાથોમાં સુકાન સોંપવા તત્પર બન્યા હોવાનું પણ મનાય છે.

૨૦૨૪નું વર્ષ એટલે કે જાન્યુઆરીથી લઈ ડીસેમ્બર સુધીમાં જૂનાગઢ શહેરની જનતાને માથે અનેક સમસ્યાઓ સામે ઝઝુમવાનું આવ્યું હતું. ખાસ કરીને રસ્તાનાં કામોની આડેધડ કામગીરી, ભૂગર્ભ ગટર, પાણીની પાઈપ લાઈન સહીતનાં આડેધડ કામોને કારણે જૂનાગઢ શહેરનો એકપણ વિસ્તાર એવો નથી કે જયાં રસ્તાઓની હાલત સારી હોય. આ ઉપરાંત ભારે ચોમાસુ આ વર્ષે પણ વરસી ગયું અને લોકોને અનેક પ્રકારની પીડાનો અનુભવ થયો છે. પીવાનું શુધ્ધ પાણી પણ કેટલાક વિસ્તારોમાં મળતું ન હોવાની વ્યાપક ફરીયાદો રહેલી છે. વાતોનાં વડા અને વચનોની લ્હાણી સતત વર્ષો થયા થાય છે. પરંતુ પ્રજાને પ્રાથમિક સુવિધાઓ અસરકારક આપવી જોઈએ તેવી કોઈ નકકર કામગીરી થઈ નથી. અને અનેક સમસ્યાઓ વચ્ચે ૨૦૨૪નું વર્ષ પૂર્ણ થયું છે. આજે જયારે ૨૦૨૫નાં નવા વર્ષનો સૂર્યોદય અને સુપ્રભાત થયું છે.

ત્યારે આજથી શરૂ થયેલા નવું વર્ષ જૂનાગઢવાસીઓ માટે અનેક આશા લાવનારૂ બની રહેશે. ખાસ કરીને છેલ્લા કેટલાક સમય થયા રસ્તાઓની કામગીરી ચાલી રહી છે તે આ વર્ષમાં પુરી થઈ જાય. તેમજ નરસિંહ મહેતા સરોવરનું રગસીયા ગાડાની માફક ચાલતી કામગીરી પૂર્ણ થઈ જાય અને આ શહેરને એક સુંદર મજાનું ફરવાલાયક સ્થળ મળી જાય તેવી આશા પણ બળવત્તર બની છે. તો બીજી તરફ જૂનાગઢ શહેરમાં સાત સહેલીઓ માફક આવેલા ૭ જેટલા ફાટકોને કારણે લોકો ભારે યાતનાઓ ભોગવી રહયા છે. તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં સમય દરમ્યાન પણ જૂનાગઢ શહેરને ફાટકલેસ કરવાની યોજનાઓ જારી થઈ હતી. પરંતુ આજ દિવસ સુધી કોઈ નકકર કાર્ય થયું નથી. દરમ્યાન આ વર્ષે એક નવા કામનાં શુભારંભ સમા જોષીપરા ઓવરબ્રીજનું કામ શરૂ કરવામાં આવનાર છે ત્યારે નજીકનાં સમયમાં જૂનાગઢ શહેર ફાટક મુકત બને તેવા નિર્દેશો મળી રહયા છે. સૌથી વિશેષ બાબત તો એ છે કે જૂનાગઢ કોર્પોરેશનની ચુંટણી હવે બારણે ટકોરા દઈ રહી છે. અને કોર્પોરેશનની આ વખતની ચુંટણી અત્યાર સુધીમાં યોજાયેલી ચુંટણી કરતા વિશેષ બની જવાની છે. અને તેનાં માટે નગરજનો પણ સજજ બની ગયેલ છે. તો બીજી તરફ ભાજપ, કોંગ્રેસ સહીતનાં રાજકીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારો પણ આ ચુંટણી જીતવા માટે વ્યુહો ઘડી રહયા છે. ટુંકમાં આજથી શરૂ થયેલું નવું વર્ષ અનેક મહત્વની ઘટનાઓને આકાર આપશે અને નવી ક્ષિતિજો સર કરે તેવા નિર્દેશો મળી રહયા છે.

## જૂનાગઢમાં નવા વર્ષનાં આગમનનાં ડીજેનાં તાલે વધામણાં : પોલીસનો ચુસ્ત બંદોબસ્ત



જૂનાગઢ તા.૧

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં ગઈકાલે ૩૧ ડીસેમ્બર એટલે કે થર્ટી ફસ્ટની ઉજવણી કરવામાં આવી હતી. ૨૦૨૪નાં વર્ષને બાય બાય અને નવું વર્ષ ૨૦૨૫નાં વર્ષનો આવકારવા માટેનાં ઠેર ઠેર કાર્યક્રમો યોજાયા હતાં. આ સાથે જ કોઈપણ જાતનાં અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

૨૦૨૪ ના વર્ષનો ગઈકાલે અંતિમ દિવસ એટલે કે ૩૧ ડીસેમ્બરની રાત્રે જૂનાગઢ શહેરમાં ડીજેના તાલે લોકોએ ઉજવણી કરી હતી. તો બીજી તરફ જુનાગઢ પોલીસ દ્વારા શહેરના અલગ અલગ પોઈન્ટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જૂનાગઢ ઝાંઝરડા ચોકડી નજીક પાર્ટી પ્લોટમાં બાય બાય ૨૦૨૪ ડીજે નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર ભરના લોકોએ ડીજેના તાલે ડાન્સ અને મોજ મસ્તી સાથે ૨૦૨૪ ના વર્ષને બાય બાય કહી ૨૦૨૫ ના નવા વર્ષને આવકાર્યું હતું.આ સાથે જ ૩૧ ડિસેમ્બરની રાત્રે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ક્રાઈમ બ્રાન્ચ ,એસઓજી, ગર્વ ટીમ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં સઘન ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું. ડીવાયએસપી પીઆઈ, પીએસઆઈ સહિતનો કાફલો મધુરમ, ઝાંઝરડા રોડ, મોતીબાગ, કાળવા ચોક, ભવનાથ, મજેવડી ગેટ, સાબલપુર ચોકડી સહિતના વિસ્તારોમાં રહ્યો હતો. નશો કરી રોડ પર નીકળતા ઈસમોને પકડવા બ્રેથલાઈઝર દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જૂનાગઢની જનતાને સલામતી અને સુરક્ષાનો પૂરો અનુભવ થાય તેવા હેતુથી પોલીસ દ્વારા જુનાગઢ જિલ્લા તેમજ શહેરમાં સઘન પેટ્રોલિંગ અને ચેક પોસ્ટ પર તૈનાત પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## જૂનાગઢ કોર્પોરેશનનો સુકો અને ભીનો કચરો અલગ રાખવાનાં અભિયાનનો આજથી પ્રારંભ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો.ઓમ પ્રકાશ તેમજ ડેપ્યુટી કમિશ્નર ડી.જે. જાડેજા અને સેનિટેશન સુપરિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલીયા તેમજ સેનીટેશન સુપરવાઈઝર મનીષભાઈ દોશી, રાજેશભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ ચુડાસમા, ભરતભાઈ ગૌસ્વામી દ્વારા સુકો અને ભીનો કચરો અલગ અલગ રાખવા માટે મિલ્કત ધારકોને ડસ્ટબિન વિતરણ કરવામાં આવેલ તે જ રીતે જૂનાગઢના તમામ રહેણાંક વિસ્તાર તેમજ કોમર્શિયલ વિસ્તાર માટે વોર્ડ નંબર ૧ થી ૧૫માં સફાઈ કામગીરી કરવા માટે વોર્ડના સફાઈ કામદાર મારફત કચરો સફાઈ કર્યા બાદ તેમને કોઈ અન્ય જગ્યાએ રાખવામાં ન આવે અને ડોર ટુ ડોર કલેક્શનના વાહનોમાં જ નાખવામાં આવે તેમજ કચરાના કોઈ જગ્યા ઉપર ઢગલા કરવામાં ના આવે તે હેતુ માટે A લીલા કલર જેમાં ભીનો અને B બ્લુ કલર સૂકા કચરા માટેની ૧૨૦ લીટરની ડસ્ટબિનનું સફાઈ કામદારોને વિતરણ કરવામાં આવેલ તેમજ જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર દ્વારા અગાઉ પણ અપીલ કરવામાં આવેલ કે સુકો ભીનો કચરો અલગ અલગ રાખી કચરા કલેક્શન વાહનમાં અલગ રાખવામાં આવેલ કમ્પાર્ટમેન્ટમાં જ આપવા જાણ કરવામાં આવેલ અને ફરી જનતા જનાર્દનને અપીલ કરવામાં આવે છે કે તમારો સુકો અને ભીનો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખી અને ડોર ટુ ડોર વાહનમાં અલગ કમ્પાર્ટમેન્ટ બનાવેલા છે તેમાં નાખવા વિનંતી તેમજ જૂનાગઢ શહેર આપણું છે અને આપણે એને ચોખ્ખું રાખીએ તે આપણી સર્વેની ફરજ આવે છે તો મહેરબાની કરી ક્યાંય પણ જાહેરમાં કચરો નહિ કરવા કે ફેંકવો ના જોઈએ તેવી વિનંતી તેમજ મહાનગરપાલિકા જૂનાગઢના સ્ટાફ દ્વારા હવેથી આપનો કચરો અલગ અલગ રાખવામાં નહીં આવેલ હોય તો કચરાનો અસ્વીકાર કરશે. તો આજથી સુકો ભીનો કચરો અલગ અલગ રાખવા અપીલ કરવામાં આવે છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ–મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા–જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ–ક્ષારસુત્ર–ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ–૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

:: જોઈએ છે ::
ઓફીસ વર્ક તેમજ કોમ્પ્યુટરનાં જાણકાર લેડીઝ સ્ટાફ જોઈએ છે
માત્ર જૂનાગઢ રહેતા રહેવાસીઓ માટે
:: કોન્ટેક ::
મો. ૯૯૦૯૬ ૨૧૯૪૦

નવુ વૃધ્ધાશ્રમ ચાલુ કરેલ છે
નવુ વૃધ્ધાશ્રમ ચાલુ કરેલ છે જેનું નવું સરનામું નોંધી લેશો. મુરલીધર સોસાયટી નં.૨, ''શ્રધ્ધા'' નારણ ચોક, જૂનાગઢ
વૃધ્ધાશ્રમ
મો. ૬૩૫૨૦ ૧૯૪૫૮

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા તેમજ સ્ટેશનરીનો મેળવવા માટે સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

બેકરી શો-રૂમમાં કામ કરી શકે
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨